RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914


# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 117 | Dt. 20-11-2025 | Page : 08 | Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT



# નીતિશ બનશે ૧૦મી વખત CM

## NDA વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે નીતિશની પસંદગીઃ આજે લેશે શપથ

નવીદિલ્હી તા. ૧૯

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ગઉઅએ પ્રચંડ વિજય મેળવ્યો. નવી સરકારની રચના માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બુધવારે નવા ચૂંટાયેલા ગઉઅ ધારાસભ્યોની બેઠક થઈ, જેમાં નીતિશ કુમારને તેમના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા. ત્યારબાદ, ગુરુવારે ગાંધી મેદાનમાં નીતિશ કુમાર મુખ્યમંત્રી તરીકે શપથ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો. બિહાર વિધાનસભાના સેન્ટ્રલ હોલમાં યોજાયેલી બેઠકમાં NDA ઘટક પક્ષોના તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યો હાજર રહ્યા હતા. ઘણા અગ્રણી નેતાઓ પણ હાજર રહ્યા હતા. નીતિશ કુમારને NDA વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા. ત્યારબાદ વરિષ્ઠ નેતાઓએ ઈખ નીતિશ કુમારને તેમની ચૂંટણી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અગાઉ, ભાજપ અને ઉઉઅ વિધાનસભા પક્ષોએ અલગ-અલગ બેઠકો યોજી હતી. સમ્રાટ ચૌધરી નેતા તરીકે ચૂંટાયા હતા અને વિજય કુમાર સિંહા ઉપનેતા તરીકે ચૂંટાયા હતા, જ્યારે નીતિશ કુમાર JDU વિધાનસભા પક્ષના નેતા



તરીકે ચૂંટાયા હતા. નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૨૦ નવેમ્બરના રોજ પટનાના ગાંધી મેદાનમાં યોજાશે. ગાંધી મેદાનમાં વ્યાપક તૈયારીઓ ચાલી રહી છે. સામાન્ય જનતા અને ઉચ્ચ વર્ગ બંનેના અપેક્ષિત મેળાવડાને ધ્યાનમાં રાખીને, યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

બિહારમાં નીતિશ કુમારને એનડીએ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. જેના પગલે નીતિશ કુમાર ૧૦મી વાર બિહારના સીએમ તરીકે શપથ લેશે. જેમાં બિહારના એનડીએની જીત બાદ સરકાર રચનાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે સીએમ નીતિશ કુમારના નિવાસ સ્થાને મળેલી જેડીયુની બેઠકમાં તેમને પક્ષના વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. જયારે ભાજપના ધારાસભ્યોએ સમ્રાટ ચૌધરીને વિધાનસભા પક્ષના નેતા અને વિજય સિંહાને ઉપનેતા તરીકે ચૂંટ્યા છે. આ અંગે મળતી માહિતી મુજબ નીતિશ કુમાર બેઠક પૂર્ણ થયા બાદ રાજભવન જશે.નીતિશ કુમાર રાજયપાલ આરિફ મોહમ્મદ ખાનને પોતાનું રાજીનામું સુપરત કરશે. તેમજ નવી સરકાર બનાવવાનો દાવો કરશે. નીતિશ કુમાર બિહારના મુખ્યમંત્રી તરીકે ૧૦મી વાર શપથ લેશે. તેમજ ગુરુવારે સવારે ૧૧.૩૦ વાગે સીએમ તરીકે શપથ લેશે. જયારે ભાજપના નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવશે. એનડીએમાં પાવર શેરિંગની ફોર્મ્યુલા પણ નક્કી કરી લેવામાં આવી છે. જેની યાદી આજે સાંજે સુધી જાહેર થઈ શકે છે. જેમાં એનડીએના સાથી પક્ષોને યોગ્ય સ્થાન આપવામાં આવી શકે છે. બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો ૧૪ નવેમ્બરના રોજ જાહેર થયા હતા. જેમાં એનડીએએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભાજપ ૮૯ બેઠકો સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો. નીતિશ કુમારની જેડીયુ ૮૫ બેઠકો જીતીને બીજા ક્રમે રહી હતી.જયારે ચિરાગ પાસવાનની પાર્ટી લોક જનશક્તિએ ૧૯ બેઠકો જીતી હતી. જીતન રામ માંઝીની હિન્દુસ્તાની અવમ મોરચાએ પાંચ બેઠકો જીતી હતી. ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોક મોરચાએ ચાર બેઠકો જીતી હતી. બીજી તરફ મહાગઠબંધને ફક્ત ૩૫ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

# રસ્તાની સ્થિતિનો અહેવાલ તાકીદે આપવા આદેશ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે માર્ગોની સ્થિતિ અંગે કરી સમીક્ષા : સરકાર આવી હરકતમાં

રાજકોટ, તા. ૧૯

ચોમાસા બાદ માવઠાથી ગુજરાતના મુખ્ય માર્ગો તથા જિલ્લાના રસ્તાઓ ઘણા ખરા બિસ્માર થઈ ગયા છે ત્યારે આ સ્થિતિની સત્ય હકીકત જાણવા માટે મુખ્યમંત્રી દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી જેમાં પ્રભારી મંત્રીઓને તેમના જિલ્લાની સ્થિતિનો અહેવાલ સત્તાના અંત સુધીમાં આપવા આદેશ કર્યો હતો એટલું જ નહીં આ બેઠકમાં નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. બીજી તરફ વ્યાપક પ્રમાણમાં રાજ્ય સરકારે અને મુખ્યમંત્રી કાર્યાલય ખાતે રોડની નબળી કામગીરી અંગેનો અહેવાલ અને ફરિયાદ પહોંચી છે



ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને ખોજ મુખ્યમંત્રી દ્વારા રસ લેવામાં આવ્યો છે અને ખેતીનો સાચો તાજ મેળવવા માટે પ્રભારી મંત્રીઓને તેમના જિલ્લાના રોડ રસ્તાની સ્થિતિ જાણવા અને સ્થળ મુલાકાત બાદ રિપોર્ટ આપવા માટે જણાવ્યું હતુ ત્યારે ગઈકાલે આ અંગે સમીક્ષા બેઠક મળી હતી અને તેમાં પણ મુખ્યમંત્રીએ જિલ્લા પ્રભારીઓને સપ્તાહના અંત સુધીમાં સંપૂર્ણ અહેવાલ આપવા આદેશ કર્યો હતો.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગત સપ્તાહે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં તમામ પ્રભારી મંત્રીઓને પોતાના પ્રભારી જિલ્લામાં રાજ્યના માર્ગોની સ્થિતિ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સ્થળ સ્થિતિનો વિગતવાર અહેવાલ તૈયાર કરવા સૂચના આપી હતી.

નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ તમામ પ્રભારી મંત્રીઓને તેમના જિલ્લાઓમાં રોડની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે સૂચના આપી હતી. તે અંગે થયેલી કામગીરીની સમીક્ષા આજની રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી હતી. તમામ પ્રભારી મંત્રીઓ દ્વારા તેમના પ્રભારી વિસ્તારમાં સ્થળ ચકાસણી અને સમીક્ષા બેઠકો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. તેનો વિગતવાર અહેવાલ તા. ૩૦ નવેમ્બર સુધીમાં રજૂ કરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. જે અનુસંધાને માર્ગોની સ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં સુપ્રત કરવામાં આવશે.

### કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય : અમદાવાદ, મહેસાણા, પાટણ, સુરેન્દ્રનગર, વાવ-થરાદ અને મોરબીના ૧૩ તાલુકાના ખેડૂતોને મળશે લાભ

# ખેડૂતોને રવિ પાક માટે મળશે ૧૦ કલાક વીજળી

રાજકોટ, તા. ૧૯

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રવિ સિઝનના વાવેતરને ધ્યાને રાખીને કેબિનેટ બેઠકમાં વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

નિર્ણય અંગે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં રવિ સિઝન દરમિયાન જીરાનું પુષ્કળ વાવેતર થાય છે. જીરાના વાવેતર વાળા વિસ્તારોમાં



ખેડૂતોને પિયત માટે તા. ૨૦ નવેમ્બર-૨૦૨૫થી જ ખેતીવાડી ફીડરોમાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જીરાના વાવેતર વિસ્તારોમાં સિંચાઇ માટે વીજ પુરવઠો વધારે આપવા માટે રાજ્યના જનપ્રતિનિધિઓ તથા અનેક ખેડૂતો તરફથી મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતોને હકારાત્મક વાચા આપતા આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામા આવ્યો છે. જેનો આશરે ૧,૦૯૦ ગામોના ૪૯,૦૦૦થી વધુ ખેતીવાડી ગ્રાહકોને લાભ મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, જીરાનું વધુ વાવેતર ધરાવતા અમદાવાદના વિરમગામ અને માંડલ, મહેસાણાના બેચરાજી, પાટણના સમી, હારીજ, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર, સુરેન્દ્રનગરના લખતર અને દસાડા, વાવ-થરાદના સુઇગામ અને વાવ તેમજ મોરબી જિલ્લાના હળવદ તાલુકાને રાજ્ય સરકારના આ નિર્ણયથી વધુ વીજ પુરવઠો મળશે. આ ઉપરાંત દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકાઓમાં પણ રવિ સિઝન માટે ૮ કલાકના બદલે ૧૨ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના આ બંને તાલુકાના ૧૯૧ ગામોના ૯,૭૫૮ ખેડૂતોને લાભ મળશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

# બિહારમાં કારમી પછડાટ બાદ ગઠબંધનમાં ફાટફૂટ

## સાથી પક્ષો કોંગ્રેસના નેતૃત્વ પર પ્રશ્નો ઉભા કરી મુશ્કેલીઓ વધારી રહી છે

નવીદિલ્હી, તા. ૧૯

બિહાર ચૂંટણીમાં કારમી હાર બાદ ઈન્ડિયા બ્લોકના તમામ પક્ષો મત ચોરી અને ચૂંટણી પંચ સામે અવાજ ઉઠાવી રહ્યા છે, પરંતુ બધા સાથી પક્ષો કોંગ્રેસ અને તેના નેતૃત્વ પર પ્રશ્નો ઉભા કરીને કોંગ્રેસની મુશ્કેલીઓ વધારી રહ્યા છે. કોંગ્રેસ બિહારની હાર માટે મત ચોરી અને ચૂંટણી પંચને દોષી ઠેરવી રહી છે. બંગાળમાં મમતા બેનર્જી, ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવ, તમિલનાડુમાં સ્ટાલિન, કેરળમાં ડાબેરી પક્ષો અને મહારાષ્ટ્રમાં શિવસેના જેવા પક્ષોએ SIR પ્રક્રિયાનો વિરોધ જાહેર કર્યો છે. આવી સ્થિતિમાં, ઈન્ડિયા બ્લોક કોંગ્રેસના નેતૃત્વ હેઠળ મજબૂત થવું જોઈતું હતું. જોકે, બિહારમાં નબળા પ્રદર્શનને કારણે, ઈન્ડિયા બ્લોકના સાથી પક્ષો કોંગ્રેસ પર જ હુમલો કરી રહ્યા છે. ટીએમસીએ મમતા બેનજીર્ની માંગણી કરી છે, જ્યારે સપાએ અખિલેશ યાદવના નેતૃત્વની માંગણી કરી છે.

શિવસેના પણ કોંગ્રેસને એકલા BMC ચૂંટણી લડવાનો નિર્ણય જાહેર કરવા બદલ નિશાન બનાવી રહી છે. દરમિયાન, JMM પણ બિહાર ચૂંટણીમાં એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ રહેવા બદલ RJD-કોંગ્રેસથી નારાજ છે. સ્ટાલિને કોંગ્રેસને આત્મનિરીક્ષણ કરવાની પણ સલાહ આપી છે. સંસદ સત્ર ૧ ડિસેમ્બરથી શરૂ થઈ રહ્યું છે. કોંગ્રેસે SIR મુદ્દે સરકારને ઘેરવા માટે તેના સાથી પક્ષોનું નેતૃત્વ કરવાની આશા રાખી હતી, પરંતુ બિહારના પરિણામો પછી સાથી પક્ષોના વલણથી તે પાછળ પડી ગઈ છે. આમ છતાં, તે ગઠબંધનની તાકાતનો દાવો કરવાનું ચાલુ રાખે છે. વિજય પછી, કોંગ્રેસ તેના સાથી પક્ષોને અવગણે છે, અને નબળા પ્રદર્શન પછી, સાથી પક્ષો કોંગ્રેસ પર દબાણ વધારે છે. આ વાર્તા લાંબા સમયથી પુનરાવર્તિત થઈ રહી છે. હવે, કોંગ્રેસને આશા છે કે SIR સામે રાજકીય લડાઈ દરેકની જરૂરિયાતનો વિષય છે, અને આ મુદ્દા પર સંસદમાં બધા એક થાય તે ફક્ત સમયની વાત છે. ૧૮ નવેમ્બરના રોજ, કોંગ્રેસે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રભારીઓ, રાજ્ય એકમના વડાઓ, કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાઓ અને સચિવોની સમીક્ષા બેઠક બોલાવી હતી. આ બેઠકમાં, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે SIR પ્રક્રિયામાં ખામીઓ અને મત ચોરીને ઉજાગર કરવા માટે ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં SIR સામે એક મોટી રેલી યોજવામાં આવશે.



# PM કિસાન નિધિનો ૨૧મો હપ્તો ચૂકવાયો

## ગુજરાતના ૫૦ લાખ ખેડૂતોને ૯૮૬ કરોડની સહાય : દેશના ૯ કરોડ ખેડૂતોને કિસાન સન્માન નિધિનો મળ્યો લાભ

રાજકોટ, તા. ૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યના ખેડૂતો પર તાજેતરમાં આવી પડેલી અસાધારણ કમોસમી વરસાદની આપત્તિથી થયેલા નુકસાનમાંથી તેમને બેઠા કરવા આ ડબલ એન્જિન સરકારે ખૂબ જ ઝડપથી રૂ. ૧૦ હજાર કરોડનું ઉદારતમ સહાય પેકેજ આપ્યું છે.

પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૧મો હપ્તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તમિલનાડુના કોઈમ્બતુરથી દેશના કિસાનો માટે રિલીઝ કર્યો તેના ગાંધીનગરમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી સંબોધન કરી રહ્યા હતા. વડાપ્રધાનના સંબોધનનું જીવંત પ્રસારણ રાજ્યના ખેડૂતોએ નિહાળ્યુ હતું.




વડાપ્રધાનએ આ અવસરે દેશભરના ૯ કરોડથી વધુ ખેડૂતોને ૨૧માં હપ્તા પેટે ૧૮ હજાર કરોડ રૂપિયાની સહાય આપી હતી. ગુજરાતના ૪૯.૩૧ લાખથી વધુ કિસાનોને આ સહાય અંતર્ગત ૯૮૬ કરોડ રૂપિયા ડી. બી.ટી.થી મળશે.ગાંધીનગરમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાં કિસાન સન્માન નિધિ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારાએ ૧૧.૬૮ લાખ રૂપિયાથી વધુની વિવિધ કૃષિ સહાયના મંજૂરીપત્રોનું વિતરણ કર્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરવા અનેક કલ્યાણકારી યોજનાઓ આપી છે. એટલુ જ નહીં, ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે ગ્રીન કવર વધારીને સુરક્ષા આપવાનો અભિગમ 'એક પેડ માં કે નામ' અને પ્રાકૃતિક કૃષિ જેવા અભિયાનોથી અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ રસાયણયુક્ત ખેતીથી જમીન અને માનવ બંનેનું સ્વાસ્થ્ય કથળી રહ્યું છે તેના ઉપાયરૂપે વડાપ્રધાનએ પ્રાકૃતિક ખેતીનો અપનાવવાનો જે ખ્યાલ આપ્યો છે તે ભવિષ્યની પેઢીના સ્વસ્થ અને તંદુરસ્ત જીવન તથા જમીનની ફળદ્રુપતા વધારવામાં ઉપયોગી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રાકૃતિક ખેતીને ભવિષ્યની ખેતી છે ગણાવતાં આ ખેતી અપનાવવી એ હવેના સમયની માંગ છે તેમ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બીજથી બજાર સુધીના દરેક તબક્કે વડાપ્રધાનશ્રી ખેડૂત હિતલક્ષી નિર્ણયોથી તેની પડખે રહ્યા છે તેમ જણાવતાં કહ્યું કે, આ વર્ષના બજેટમાં પીએમ ધનધાન્ય કૃષિ યોજના શરૂ કરવાનું જે કમિટમેન્ટ કર્યું હતું તે પણ ૬ વર્ષના સમયગાળા માટે અમલી બનાવીને અન્નદાતાની દરકાર કરીને 'જે કહેવું તે કરવું' પુરવાર કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનની કૃષિ હિતકારી નીતિ અને ખેડૂતો પ્રત્યેની સંવેદનાના કારણે આજે ગુજરાતના લગભગ ૯૮ ટકાથી વધુ ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે. ખેડૂતોને પૂરતું પાણી અને વિજળી મળવાના કારણે રાજ્યના કૃષિ ક્ષેત્રનું ચિત્ર સમગ્રતયા બદલાઈ ગયું છે અને ખેડૂત સમૃદ્ધ થયો છે. વડાપ્રધાનએ ગુજરાતમાં ૨૦૦૫માં તેમના મુખ્યમંત્રી તરીકે ના કાર્યકાળમાં શરૂ કરાવેલા કૃષિ મહોત્સવથી રાજ્ય સરકાર ખેડૂતોને તેમના ખેતરમાં સામે ચાલીને જઈને કયો પાક વધુ લઈ શકાય, વેલ્યુ એડિશન કરીને કેવી રીતે વધુ આવક મળે, એ બધી સમજ આપે છે અને લેબ ટુ લેન્ડનો એપ્રોચ સુપેરે સાકાર થયો છે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તામિલનાડુ ખાતેથી 'પી.એમ. કિસાન સમ્માન નિધિ' યોજનાના ૨૧મા હપ્તાનું વર્ચ્યુઅલ માધ્યમથી વિતરણ કરવામાં આવ્યું છે, તેમાં રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગ્રામ પંચાયત, એપીએમસી વગેરેમાંથી અંદાજે ૩ લાખ જેટલા ખેડૂતો ઓનલાઈન માધ્યમથી જોડાયા છે. કૃષિ મંત્રીએ કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે યાંત્રિકરણ, પાક સંરક્ષણ, કૃષિમાં નેનો ટેકનોલોજી અને આઈટીનો ઉપયોગ, પ્રાકૃતિક ખેતી, ઝીરો બજેટ ખેતી, કિસાનો માટે ઉત્પાદન વધે, ખર્ચ ઘટે અને વધુ વેચાણ પણ થાય એ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. દિન-પ્રતિદિન આપણી ખેતી-જમીન બંજર બનતી જાય છે, જેના કારણે વર્તમાન અને ભવિષ્યની પેઢીઓ અનેક રોગનો ભોગ ન બને તે માટે પ્રાકૃતિક કૃષિને અપનાવવી જોઈએ. જે અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં મિશન મોડ પર કામ કરવામાં આવી રહ્યુ છે.

તેમણે કહ્યું હતુ કે, વડાપ્રધાનએ ખેડૂતોને ઉપકારના નહીં પણ સેવાના ભાવથી સન્માન આપવા માટે વર્ષ ૨૦૧૯થી 'પી.એમ. કિસાન સમ્માન નિધિ' યોજનાની સમગ્ર દેશભરમાં શરૂઆત કરાવી છે. આ યોજનાના અસરકારક અમલીકરણ અને સંપૂર્ણ પારદર્શિતાના પરિણામે ખેડૂતોના સીધા બેંક ખાતામાં પૈસા પહોંચી રહ્યા છે. કૃષિ પેદાશોનો બજારમાં નીચો ભાવ હોય ત્યારે એમ.એસ.પી.થી ખરીદી કરવાનો મોટો નિર્ણય પણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યો છે. રાજ્યમાં લગભગ એક લાખ મેટ્રિક ટનથી વધુ મગફળી કિસાનોએ ૨૯૩ કેન્દ્રો ઉપર પહોંચાડી છે. રાજ્યમાં રૂ. ૧૧૦૦ કરોડથી વધુની ખરીદી થઈ ચૂકી છે.

# ઝાલાવાડ જૈન સમાજ દ્વારા યોજાયા ત્રિવિધ કાર્યક્રમ

## છાત્રોનું સન્માન, તપસ્વીઓનું બહુમાન અને વડીલોને કરાઈ વંદના



રાજકોટ, તા.૧૯

ઝાલાવાડ જૈન સમાજ દ્વારા આયોજિત વડીલ વંદના કાર્યક્રમ - ૨૦૨૫ તારીખઃ ૧૬/૧૧/૨૦૨૫ સ્થળઃ જૈન બોર્ડિંગ, રાજકોટ.

ઝાલાવાડ જૈન સમાજ દ્વારા તાજેતરમાં એક અદ્ભુત ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.. જેમાં વિદ્યાર્થીઓનું સન્માન, તપસ્વીઓનું બહુમાન અને વડીલોને વંદના કરવામાં આવી હતી. વડીલ વંદના કાર્યક્રમ સમાજની સંસ્કાર સભર પરંપરાને આગળ ધપાવવા અદ્ભુત, ભવ્ય અને ભાવપૂર્ણ રીતે યોજાયો હતો, આ કાર્યક્રમનું સંચાલન સર્વ કમિટી કારોબારી મેમ્બરના સહકારથી પ્રશાંતભાઈ સંઘવી, મેહુલભાઈ રવાણીએ કર્યું હતું. મેહુલભાઈ રવાણીની રજુઆતમાં સંસ્કૃતિનો સ્પર્શ, ભાવનાની નરમાઈશ અને ટાઈમ મેનેજમેન્ટની અભૂતપૂર્વ કુશળતા જોવા મળી હતી.

કાર્યક્રમમાં વિશેષ રૂપે ઉપસ્થિત રહેલા મુખ્ય મહેમાનો જેમાં ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, બેંગલોર, ભાવનગર, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્રથી મહાનુભાવો, મુખ્ય કમિટી મેમ્બરોએ હાજર રહીને આયોજકોને પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં દાતાઓ વરસી પડ્યા હતા. વડીલોનું સન્માન, તેમની સેવા, તેમની જીવન યાત્રા અને સમાજ માટેના તેમના અમૂલ્ય યોગદાનને વિશેષ રૂપે યાદ કરીને વડીલો ને માનપત્ર, શાલ અને આશીર્વાદ રૂપે ઉપહારો અર્પણ કરવામાં આવ્યા હતા. આ આખા કાર્યક્રમમાં ઝાલાવાડ જૈન સમાજના પ્રમુખ પારસભાઈ શાહ, સર્વ કમિટી મેમ્બર કારોબારી મેમ્બર મેહુલભાઈની મહેનત, સમર્પણ અને કાર્યક્રમ પ્રત્યેની જવાબદારી સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બની હતી.

# રાજ્યના ૭૦ લાખ નાગરિકો નશામુક્ત ભારત અભિયાનથી જાગૃત

## દરેક જિલ્લા અને તાલુકા સ્તરે ૨૦ હજારથી વધુ પ્રવૃત્તિઓ ધરાઈ હાથ

રાજકોટ તા. ૧૯

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૦માં દેશના ૨૭૨ જિલ્લાઓમાં 'નશામુક્ત ભારત અભિયાન' શરુ કરવામાં આવ્યું હતું. જે પૈકી ગુજરાતના અમદાવાદ, વડોદરા, ભરૂચ, મહેસાણા, સુરત, રાજકોટ, જામનગર, પોરબંદર મળીને કુલ આઠ જિલ્લાઓમાં આ અભિયાન સૌ પ્રથમ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનની ભવ્ય સફળતા બાદ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૨માં ગુજરાતના બનાસકાંઠા, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, વલસાડ ગાંધીનગર તેમજ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૪માં દેશના બાકી તમામ જિલ્લાઓમાં નશા મુક્ત ભારત અભિયાન (NMBA) શરૂ કરવામાં આવ્યું હતું.




'નશામુક્ત ભારત અભિયાન'નો મુખ્ય હેતુ નશીલા પદાર્થોના દુરુપયોગના નુક્શાન અંગે જન જાગૃતિ લાવવાનો છે. આ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ તેમજ સામાજિક સંસ્થાઓની સક્રિય ભાગીદારી સાથે વિવિધ વિભાગોની સ્થાનિક કચેરીઓના સંકલનમાં રહીને સમાજમાં નશીલા પદાર્થો અને માદક દ્રવ્યોના દુરુપયોગની સાથે તેની આડઅસરો અંગે જાગૃતિ લાવવામાં આવે છે. આ અભિયાન થકી સ્કૂલ, કોલેજ, રહેણાંક સંસ્થાઓ તેમજ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રેલીઓ, સાઈન અભિયાન, સેમિનાર, નશામુક્તિ રથ, નશામુક્તિ અંગેના શપથ ગ્રહણ કાર્યક્રમો, સંબંધિત પ્રચાર-પ્રસાર સામગ્રીનું વિતરણ, ચિત્રસ્પર્ધા, નિબંધ સ્પર્ધા વગેરે પ્રવૃત્તિઓના માધ્યમથી નાગરિકોમાં જાગૃતિ લાવવામાં આવી છે. આ અભિયાન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં મળીને અંદાજિત કુલ ૨૦,૦૦૦ થી વધુ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં અંદાજિત ૭૦ લાખથી વધુ નાગરિકોએ સહભાગી બનીને આ અભિયાનને સફળ બનાવ્યું છે.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા તા.૧૪ નવેમ્બર ૨૦૨૫ એ ઓનલાઇન વી.સીના માધ્યમથી જણાવવામાં આવ્યું છે કે, 'નશામુક્ત ભારત અભિયાન (NMBA)'ની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે તા.૧૮ નવેમ્બર ૨૦૨૫ના રાષ્ટ્રીય સ્તરેથી પંજાબ સરકારના સહયોગથી ગુરુ નાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર ખાતે આ કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું હતું. ઓનલાઇન કાર્યક્રમ દિવસે સામાન્ય નાગરિકોને આ અભિયાન સાથે જોડવા અને તેનો સંદેશ દેશભરના નાગરિકો સુધી પહોંચાડવાના હેતુસર આ મંત્રાલય દ્વારા વેબસાઇટના માધ્યમથી નશામુક્તિના શપથ લઇ શકશે તેમ,સમાજ સુરક્ષા નિયામક દ્વારા જણાવાયું છે.

# માધવપુર ઘેડ ખાતે કૃષ્ણા-રૂક્ષ્મણી યાત્રાધામનો બીજા તબક્કો

## ૪૩ કરોડના ખર્ચે હાથ ધરાશે સર્વાંગી વિકાસ : બીજા તબક્કામાં માધવરાયજી મંદિરનું પુનઃનિર્માણ, બીચ ડેવલપમેન્ટ, પાર્કિંગ માટે પરિસરનો વિકાસ સહિતના વિકાસ કાર્યો ધરાશે હાથ



રાજકોટ, તા. ૧૯

વિકાસના સતત નવા કીર્તિમાન સાથે ભારતીય ઐતિહાસિક- ધાર્મિક વિરાસતોની જાળવણી અને સંવર્ધન કરીને 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે બહુમુખી વિકાસની આગવી પેટર્ન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત સહિત ભારતભરમાં અવિરત વિકસી રહી છે. આ મંત્રને સાકાર કરવા ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યના પવિત્ર- પ્રસિદ્ધ યાત્રાધામો જેવા કે, અંબાજી, દ્વારકા, પાવાગઢ, બહુચરાજી વગેરે આધ્યાત્મિક તીર્થ સ્થળોનો ભારતભરમાં આવતા ભક્તો- યાત્રાળુઓ માટે ૩૬૦ ડિગ્રીથી સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે.

આ આધ્યાત્મિક તીર્થ સ્થળોના વિકાસ યાત્રાને સતત આગળ વધારવા પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે આવેલા શ્રી કૃષ્ણા- રૂક્ષ્મણી યાત્રાધામના અંદાજે કુલ રૂ. ૯૧ કરોડથી વધુના ખર્ચે વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. શ્રી કૃષ્ણ - રૂક્ષ્મણી માતા યાત્રાધામના માસ્ટર પ્લાનમાં માધવપુર ગામમાં એકબીજાથી એક કિ.મી.જેટલા અંતરે આવેલા વિવિધ સ્થળોને આવરી લઇ તેનો સર્વાંગી વિકાસ કરવામાં આવશે. જેના પરિણામે આ યાત્રાધામ ખાતે આવતા યાત્રાળુઓને અનેકવિધ નવીન સુવિધાઓ ઉપલબ્ધ થશે.

બીજા તબક્કામાં રૂ. ૪૩.૭૨ કરોડના ખર્ચે માધવરાયજી મંદિરનું પુનઃનિર્માણ, મંદિર પાસે 300 મીટર બીચ ડેવલપમેન્ટ પાર્કિંગ માટે પરિસરનો વિકાસ અને અન્ય પાયાની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત કેટલાક અન્ય સ્થળો જેવા કે, કાચબા ઉછેર કેન્દ્રથી માધવરાયજીના મંદિર સુધીનો રસ્તો ૦૯ મીટર પહોળો કરવો, બીચ એરિયામાં ફૂડ કિઓસ્ક અને શૌચાલય વગેરે, પાર્કિંગ અને ફૂડ કોર્ટ સાથે જ, જુદા-જુદા પ્રકારના સ્કલ્પચર, સાઈનેજીસ, ફાઉન્ટેન, સેલ્ફી પોઈન્ટ સહિત લેન્ડસ્કેપિંગનો સમાવેશ થાય છે.

જ્યારે મુખ્યમંત્રીના હસ્તે પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૪૮ કરોડના ખર્ચે શ્રી રૂક્ષ્મણી માતા મંદિર, ચોરી માયરાની જગ્યા, માધવરાયજી મંદિર જતાં રસ્તા પર બીચ ડેવલોપમેન્ટ, બ્રહ્મ કુંડ તેમજ મેળા ગ્રાઉન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આમ અંદાજે કુલ રૂ. ૯૧ કરોડના ખર્ચે આ યાત્રાધામનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. વધુમાં,આ વિકાસકાર્યો થકી માધવપુરનો સર્વાંગી વિકાસ થશે તેથી દૂર-દૂરથી આવતા પ્રવાસીઓ- શ્રદ્ધાળુઓની સુવિધામાં અનેકગણો વધારો થશે જેના પરિણામે ગુજરાત આધ્યાત્મિક પ્રવાસન ક્ષેત્રે વધુ સિદ્ધિઓ સર કરશે તેમ, ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ યાદીમાં જણાવાયું છે.

# SIR કામગીરીમાં અનેક છીંડા

## રાજકોટ શહેર કોંગ્રેસે કલેકટરને આપ્યું લેખિત આવેદન, ઉદ્ભવતા પ્રશ્નો અંગે કર્યા માહિતગાર

રાજકોટ, તા. ૧૯
સમગ્ર દેશમાં મતદાર સુધારણા કામગીરી શરૂ થઈ ચૂકી છે અને તેમાં ૧૨ રાજ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ મહત્વની વાત તો એ છે કે હાલ દરેક રાજ્યમાં આ કામગીરીને લઈને ઘણા ખરા વિરોધ થઈ રહ્યા છે એટલું જ નહીં કહેવામાં આવે તો જે કામગીરી કરતા બુથ લેવલ અધિકારીઓ આત્મહત્યા કરી રહ્યા છે તેવા એક નહીં અનેક નો સમાવેશ થયો છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે રાજકોટ ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા કલેક્ટરને લેખિત આવેદન આપવામાં આવ્યું હતું અને આ કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાનું પણ જણાવ્યું હતું સાથોસાથ એ વાતની પણ સ્પષ્ટતા કરવામાં આવી કે કલેક્ટર આ બાબતે યોગ્ય પગલા લીએ જેથી લોકોને થતી હેરાનગતિ ઓછી થાય. વાત અહીં અટકતી નથી કોંગ્રેસ પક્ષ દ્વારા એવા પણ આક્ષેપો કરવામાં આવ્યા કે ડોર ટુ ડોરની જે કામગીરી બુથ લેવલ અધિકારીઓ દ્વારા કરવામાં આવી તે યોગ્ય રીતે થઈ નથી. પ્રજા મતદાર સુધારણા ની કામગીરીમાં કોઈ એક પ્રશ્નમાં નહીં પરંતુ અનેકવિધ પ્રશ્નોમાં ગૂંચવાયેલી છે છતાં જે સમાધાન મળવું જોઈએ તે મળી શકતું નથી અને તેને લઈને હાલ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

મતદારયાદી સુધારણા કાર્યક્રમની કામગીરીમાં મતદારોને પડતી હાલાકી અંગે રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં



આવેલ હતું. આ અંગે રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ ડો.રાજદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે રાજકોટ શહેર-જિલ્લામાં હાલ ચાલી રહેલી એસ.આઈ. આરની કામગીરીમાં બી.એલ.ઓ.પાસે જરૂરી માહિતીનો અભાવ રહેલો છે. જુની મતદારયાદીના નામ તપાસવામાં મૂશ્કેલી પડી રહી છે.

ટેકનોલોજીનો અભાવ, નાગરિકો સાથે બીએલઓ નું નબળું કોર્ડીનેશન, ઓનલાઈન પ્રક્રિયા માટે ટેકનિકલ ક્ષતિઓ દૂર કરવી, હોમ સબમીશન પછી રસીદ ન આપવી (કોઈ જગ્યાએ ફોર્મની એક જ કોપી આપેલી હોય એવા),બીએલઓનો મોબાઇલ નંબર પર સંપર્ક થતો નથી અને સ્વીચ ઓફ હોય છે.

ડોર ટુ ડોર વેરિફિકેશન યોગ્ય રીતે થતું નથી, ભાડે રહેનારા અથવા મકાન આવેલા માટે સ્પષ્ટ માર્ગદર્શન ન મળવું, બીએલઓને વિસ્તારની પૂરી જાણ ન હોવી, જુદા જુદા વિસ્તારના લોકોને જુદા જુદા નિયમો કહેવામાં આવે છે. સહિતના પ્રશ્નો ડો.રાજદિપસિંહ રજૂ કર્યા હતા. જિલ્લા કલેકટરને અપાયેલ આવેદનપત્રમાં મહેશભાઈ રાજપુત, અતુલ રાજાણી, નરેન્દ્રભાઈ સોલંકી, વશરામભાઈ સાગઠીયા, ડી પી મકવાણા, જયદીપ મયાત્રા ધર્મેશ સોલંકી સહિતના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.વધુમાં ડો.રાજદિપસિંહે જણાવ્યું હતું.કે એલ. આઈ. આરની કામગીરીમાં જે મતદારોના વર્ષ ૨૦૦૨ની મતદાર યાદીમાંથી નામ મળતા ન હોય સહિતની પડતી મુશ્કેલી બાબતે શહેર કોંગ્રેસના કાર્યાલયનો સંપર્ક કરવા તેઓએ જણાવ્યું હતું.

# બોર્ડની પરીક્ષા અભ્યાસ સમિતિમાં નિદત બારોટ

### શિક્ષણ ક્ષેત્રે અગાઉ પણ મળી ચૂકી છે અનેકવિધ સિદ્ધિઓ ત્યારે વધુ એક યશ કલગીનો ઉમેરો




રાજકોટ, તા. ૧૯
સમયાંતરે ગુજરાત બોર્ડ દ્વારા ઉભી કરાયેલી જે સમિતિઓ છે તેમાં હોદેદારો તથા સભ્યોની નિમણૂક કરવામાં આવતી હોય છે ત્યારે હાલ બોર્ડમાં નવ ચૂંટાયેલા સભ્યો ઉપરાંત સરકાર નિયુક્ત સભ્યો, હોદાગત સભ્યો તરીકે કુલ ૧૭ લોકો ફરજ બજાવતા હોય છે. આ કરવા પાછળનો મુખ્ય હેતુ એ જ છે કે ગુજરાતનું શિક્ષણ ગમે તે રીતે સુધરે અને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી સુચારુરૂપથી ઘડી શકે. ગુજરાત બોર્ડ પાસે અનેકવિધ ફરિયાદો આવતી હોય છે ત્યારે તેનું નિયંત્રણ કરવા અને સાથે વિદ્યાર્થીઓને કોઈ હેરાનગતિ ન થાય તે માટે વિવિધ સમિતિઓનું ગઠન કરવામાં આવેલું છે જેમાં કારોબારી, પરીક્ષા સમિતિ, નાણા સમિતિ, અભ્યાસ સમિતિ જેવી વિવિધ સમિતિઓ હોય છે.

આ સમિતિઓમાં ચૂંટાયેલા સભ્યો પોતાના સભ્યો પૈકી સભ્યોને વિવિધ સમિતિઓમાં ચૂંટે છે. આ વખતે સૌ સભ્યોએ તમામ સમિતિઓ બિનહરીફ કરી જેમાં રાજ્યની પરીક્ષા સમિતિમાં ચૂંટાયેલ ચાર સભ્યોમાં ડો.નિદત્ત બારોટ બિનહરીફ ચૂંટાયા છે તેની સાથોસાથ અને અભ્યાસ સમિતિમાં બે સભ્યો પૈકી એક સભ્ય તરીકે ડો.નિદત્ત બારોટ બિનહરીફ થયા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તરીકે વર્ષ ૧૯૯૬ થી શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી શરૂ કરનાર ડો નિદત્ત બારોટ આજે ૩૦ વર્ષ થી સતત ચૂંટાતા આવ્યા છે. નિદત્ત બારોટ ૨૫ વર્ષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ સભ્ય રહ્યા, ૧૫ વર્ષ સિન્ડિકેટ સભ્ય રહ્યા, ૧૦ વર્ષ થી શિક્ષણ વિદ્યાશાખાના ડીન ચૂંટાયા છે. તદ્ ઉપરાંત નવા એક્ટ આવ્યા પછી, પ્રેક્ટિસ ટીચિંગ બોર્ડ ના ચેરમેન અને હાલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઈસીના સદસ્ય નિમાયા છે.

છેલ્લા ૧૨ વર્ષ થી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાતની તાલીમી બીઈડી કોલેજના આચાર્યની બેઠક પરથી સતત ચૂંટાતા ડો.નિદત્ત બારોટ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રોવાઇસ ચાન્સેલર તરીકે રાજ્યપાલ દ્વારા નિયુક્ત થયા હતા. ભારત સરકારે તેમને એન.સી.ટી.ઈના પશ્ચિમ ક્ષેત્ર ડબલ્યુ.આર.સીના સભ્ય તરીકે નિયુક્ત કર્યા હતા. શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ પદો પર ૧૫ થી વધુ ચૂંટણીઓ જીતી અને પોતાનું પ્રભુત્વ તેઓએ જાળવી રાખ્યું છે.

હાલમાં સૌરાષ્ટ્રની એક માત્ર ઇંગ્લિશ ભાષા શિક્ષક તાલીમી કોલેજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ ટીચિંગ ના આચાર્ય તરીકે કાર્યરત છે.ડો. નિદત્ત બારોટને તેમના મિત્ર વર્તુળ દ્વારા શુભકામનાઓ આપવામાં આવી રહી છે.

# ૭૮,૦૦૦ વિદ્યાર્થીઓ આપશે બોર્ડ પરીક્ષા

## ધો.૧૦ના ૪૭૫૦૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨૩૨૦૦ અને વિજ્ઞાન પ્રવાહના ૭૬૯૦ વિદ્યાર્થીઓનો સમાવેશ

રાજકોટ, તા. ૧૯
દર વર્ષે માર્ચ મહિનામાં ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષાનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે આ વખતે પણ બોર્ડ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે એટલું જ નહીં દર વર્ષે બોર્ડ દ્વારા એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે આ પરીક્ષા સુચારું વ્યવસ્થા સાથે યોજાઇ અને ગેરરીતીના એક પણ બનાવો નો બને . છતાં પણ કોઈને કોઈ કારણોસર બોર્ડ પરીક્ષામાં કહી શકાય કે ગેરરીતી જોવા મળતી હોય છે ને કોપી કેસના કિસ્સાઓ પણ વધુ જોવા મળે છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ સરકાર દ્વારા ખાસ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જેમાં એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં



આવશે કે આ બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક પરીક્ષા આપે અને પોતાના કારકિર્દીનું ઘડતર કરે એટલું જ નહીં આ પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૬ ફેબ્રુઆરીથી પ્રારંભ થનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા રાજકોટ શહેર જીલ્લામાં શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે જીલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી પટેલના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રાજકોટ શહેર જીલ્લામાં અંદાજે ૭૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસનાર છે. જેમાં ધો.૧૦ના ૪૭૫૦૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨૩૨૦૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૭૬૯૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

જીલ્લા શિક્ષણાધિકારી પટેલે આ અંગે જણાવ્યું હતું કે ધો.૧૦ અને ૧૨ સામાન્ય/ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાંચ પાંચ ઝોનમાં લેવાશે. ધો.૧૦ના પાંચ ઝોનમાં રાજકોટ શહેરના ૩ અને ધોરાજી-જસદણના ૧- ૧ ઝોનમાં લેવાશે જયારે ધો.૧૨ની પરીક્ષા રાજકોટ શહેરના ૩ અને ધોરાજી જસદણના ૧-૧ ઝોનમાં લેવાશે.

શિક્ષણાધિકારી પટેલે જણાવ્યું હતું કે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે શાળાઓના ૩૭ બીલ્ડીંગો અને ૩૯૦ બ્લોક નિયત કરવામાં આવેલ છે જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે શાળાઓના ૯૧ બીલ્ડીંગો અને ૭૮૦ બ્લોક તેમજ ધો.૧૦ની પરીક્ષા માટે ૧૮૦ બીલ્ડીંગો અને ૧૫૮૩ બ્લોક નિયત કરવામાં આવેલ છે. બોર્ડની પરીક્ષા આપવામાં વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે. બોર્ડની આ પરીક્ષા માટે ધો.૧૦ અને ૧૨ના ૬૫ કેન્દ્રો નિયત કરવામાં આવેલ છે જેમાં ધો.૧૦ની ૪૦ કેન્દ્રો પરથી જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની ૧૯ અને વિજ્ઞાન પ્રવાહની ૧૯ કેન્દ્રો પરથી પરીક્ષા લેવામાં આવનાર છે.

# ખોખડદડ ગામે એકતા યાત્રા

## એકતા યાત્રાનો ઉદ્દેશ્ય અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલના વિરલ વ્યક્તિત્વને બિરદાવવાનો

રાજકોટ, તા. ૧૯
ગુજરાતના નાના એવા ગામ કરમસદમાં જન્મેલા વલ્લભભાઈ પટેલે આઝાદી પહેલા સર્વસ્વ છોડી દેશ પ્રથમની ભાવના સાથે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાઇને આઝાદી પછી ભારતને અખંડ કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. આવા મહાન લોહપુરુષના અવતરણને જયારે ૧૫૦ વર્ષ પૂર્ણ થયા છે, ત્યારે તેમની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી એકતા યાત્રા દ્વારા કરવામાં આવી રહી છે. અખંડ ભારતના શિલ્પીને આપણે હંમશા યાદ રાખીયે તેજ આ પદયાત્રાનો ઉદ્દેશ્ય છે, તેમ સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ ખોખડદડ ગામ ખાતે આયોજિત રાજકોટ ગ્રામ્ય -૭૧ વિધાનસભાની યુનિટી માર્ચ કાર્યક્રમમાં જણાવ્યું હતું.





રૂપાલાએ સરદારના સાદગી, દ્રઢ મનોબળ, નીડરતા સહિતના વ્યક્તિવના કેટલાક ઉદાહરણ પણ પુરા પાડ્યા હતાં. સરદાર પટેલના ગુણો નાગરિકોને કેળવવા અને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા સાંસદએ અપીલ કરી હતી. ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરી ભાષા, ધર્મ, પ્રાંતના ભેદભાવ ભૂલી રાષ્ટ્રને મજબૂત કરવા સાચા અર્થમાં એકતા કેળવવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લોહ પુરુષ સરદાર પટલનું વિશ્વમાં સૌથી મોટું સ્ટેચ્યુ બનાવ્યું છે. જેમાં દેશભરના કિસાનોએ ખેત ઓજાર પુરા પાડ્યા છે. આમ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખરા અર્થમાં એકતાનું પ્રતીક છે તેમ ભાનુબેને ગૌરવ સાથે જણવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ એકતા યાત્રા થકી સરદાર વલ્લભભાઈ પટેલના પ્રદાનમાંથી પ્રેરણા લઇ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ના પ્રધાનમંત્રીના સ્વપનને પરિપૂર્ણ કરવા આહવાન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગત નૃત્ય રજુ કર્યું હતું. નાયક સારિકાએ સરદાર પટેલનો પરિચય આપ્યો હતો. સરદાર પટેલના ગીત પર ધમાકેદાર ડાન્સ સહીત શાળાના બાળકો ગાંધીજી, સરદાર, ભગતસિંહ, જ્યોતિબા ફૂલે, રાણી લક્ષ્મીબાઈ સહિતના પાત્રોમાં સહભાગી બન્યા હતાં.

કાર્યક્રમમાં સૌ મહાનુભાવોએ સ્વદેશી વસ્તુ અને સ્થાનિક કારીગરોને પ્રાથમિકતા આપવાના શપથ લીધા હતાં. એકતા યાત્રા પૂર્વે મહાનુભાવોના હસ્તે ખોખડદડ ગામના પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત અને ભુમિપુજન કરાયું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ એકતા યાત્રામાં અગ્રણી સર્વે અલ્પેશભાઈ ઢોલરીયા, માધવભાઈ દવે, જયેશભાઈ બોઘરા, પ્રદીપભાઈ ડવ, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યઓ, સરપંચ નૂરબેન હુંબલ, પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તી, મામલતદાર કે.એચ.મકવાણા સહિત અધિકારીઓ, પોલીસ જવાનો, ગ્રામજનો શાળાના વિદ્યાર્થીઓ પદયાત્રામાં સહભાગી બન્યા હતા.

# તેરમીએ વર્ષની છેલ્લી લોક અદાલત

## ઈન્ચાર્જ પ્રિન્સીપાલ જજ જી.ડી. યાદવના નેતૃત્વમાં રાજકોટ, ગોંડલ, જસદણ, જેતપુર અને ધોરાજી કોર્ટમા ચાલતા ભરણપોષણ અને લગ્ન જીવનના તકરારી કેસો આવશે મૂકવામાં

રાજકોટ, તા. ૧૯
હાલ વિવિધ કોર્ટમાં ઘણા ખરા કેસ પેન્ડિંગ પડેલા હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે ત્યારે આ પેન્ડિંગ કેસનો ત્વરિત અને તાકીદે નિકાલ થાય તે માટે હાલ કોર્ટ દ્વારા બહારની તારીખના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બંને પક્ષે હાજર રહેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે મેગા લોક અદાલતમાં અનેકવિધ કેસો લેવામાં આવશે અને તેનો તાકીદે નિકાલ થાય તે રીતે કામગીરી હાથ ધરાશે તેવું જાણવા મળ્યું છે.

ગુજરાત હાઈકોર્ટ, રાજ્ય અને રાજકોટ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ૧૨મીના રોજ રાજકોટ શહેર અને જિલ્લાના તાલુકા મથકો ખાતેની કોર્ટમાં મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.




આ લોક-અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટની કલમ-૧૩૮ (ચેક રિટર્ન અંગેના કેસો), બેન્ક લેણાના કેસો, મોટર અકસ્માત વળતરને લગતા કેસો, લગ્નવિષયક કેસો, મજુર અદાલતના કેસો, જમીન સંપાદનને લગતા કેસો, ઈલેક્ટ્રીસિટી તથા પાણીના બિલોને લગતા કેસો, રેવન્યુ કેસો, દિવાની પ્રકારના (ભાડા, સુખાધિકારના) કેસો, મનાઈ હુકમના દાવા, કરાર પાલનના દાવા, અન્ય સમાધાન લાયક કોર્ટમાં દાખલ થયેલ તથા દાખલ થાય તે પહેલાં (પ્રિલિટિગેશન) કેસો હાથ પર લેવામાં આવનાર છે.

ગુજરાત હાઈકોર્ટ, રાજ્ય અને રાજકોટ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા આગામી ૧૩ ડિસેમ્બરના રોજ રાજકોટ શહેર અને જિલ્લાના તાલુકા મથકો ખાતેની તમામ ફેમિલી કોર્ટમાં રાષ્ટ્રીય મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫ ની આખરી રાષ્ટ્રીય લોક અદાલતને સફળ બનાવવા માટે રાજકોટ ફેમીલી કોર્ટના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ જજ જી.ડી. યાદવના નેતૃત્વમાં રાજકોટ, ગોંડલ, જસદણ, જેતપુર અને ધોરાજી કોર્ટમા ચાલતા ભરણપોષણ અને લગ્ન જીવનના તકરારી કેસો રાષ્ટ્રીય લોક અદાલતમા મુકવામા આવશે અને જયુડીશ્યલ ઓફીસરોની દેખરેખમા વકીલો અને કાઉન્સેલર, ફેમીલી કોર્ટ દ્વારા પક્ષકારોનુ કાઉન્સેલીંગ કરી પક્ષકારો વચ્ચે ચાલતી તકરારોનુ નિરાકરણ લાવવા પુરતા પ્રયત્નો કરી પક્ષકારોને ઝડપી ન્યાય મળે અને તેમના કેસોનો નિકાલ થાય તેવા પુરતા પ્રયત્નો કરવામા આવશે. જેથી ફેમીલી કોર્ટ, રાજકોટ તથા તાલુકા ફેમીલી કોર્ટ, ગોંડલ, જસદણ, ધોરાજી અને જેતપુરની ફેમીલી કોર્ટમા ચાલતા કેસોના પક્ષકારોને આ રાષ્ટ્રીય લોક અદાલતમા હાજર રહેવા તથા લોક અદાલત સંબંધી માહીતી મેળવવા માટે લીગલ શાખા, ફેમીલી કોર્ટ, રાજકોટનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

### શુભ લગ્ન

## અશ્વિનસિંહ જુવાનસિંહ જાડેજાના સુપુત્ર દિગ્વિજયસિંહજીના 30મીએ શુભ લગ્ન

**ચિ.દિગ્વિજયસિંહજી જાડેજા + ચિ.હેમાદ્રીબા ઝાલા**

**રાજકોટ :** શાપર નિવાસી ઈન્દ્રસિંહ અનોપસિંહ જાડેજાના ભત્રીજા, અશ્વિનસિંહ જુવાનસિંહ જાડેજાના સુપુત્ર ચિ. દિગ્વિજયસિંહજી(સત્યપાલસિંહ)ના શુભ લગ્ન મૂળ કુંડલા, હાલ મોરબી નિવાસી મહેન્દ્રસિંહ ભરતસિંહ ઝાલાના સુપુત્રી ચિ.હેમાદ્રીબા સાથે તા.30.૧૧.૨૦૨૫ના શુભ દિને નિરધાર્યા છે. શુભલગ્ન પ્રસંગે યોજાનાર શુભ કાર્યક્રમોમાં તા.૨૯ના રોજ સાંજે ૭-30 વાગ્યે ગણેશ સ્થાપન, ૮-00 વાગ્યે પાટે બેસાડવાનું મુહુર્ત તેમજ વેલ પ્રસ્થાન, ૮-30 વાગ્યે મંડપ મુહૂર્ત, રાત્રીના ૯ વાગ્યે દાંડિયા રાસ, તા.30 મીએ શુભ ચોઘડિયે ગ્રહ શાંતિ, તા.30મીએ સાંજે ૬-00 વાગ્યે સામે ચડવાનું મુહૂર્ત, રાત્રે ૮ કલાકે ભજન સમારંભ અને હસ્ત મેળાપ યોજાનાર છે. ચિ. દિગ્વિજયસિંહજીના શુભ લગ્ન પ્રસંગે આયોજિત તમામ પ્રસંગોમાં સગા, સ્નેહીઓને નવદંપતીને આશ્રીવાદ આપવા, સમયસર હાજરી આપવા અશ્વિનસિંહ જુવાનસિંહ જાડેજા તેમજ રાજવીરસિંહ અશ્વિનસિંહ જાડેજા પરિવાર દ્વારા આમંત્રણ પાઠવાયું છે.



# સરપ પકડવાના...

## ધર્મના નામે નાગ પૂજાને બદલે સાપ પૂજા કરવી!



ન કરવાનું કામ થઇ જાય કે ગુન્હાહિત કામ થઇ જાય તો ગુજરાતી ભાષામાં તેને સરપ પકડવાના ધંધા કહેવાય. વાસ્તવમાં સરપ પકડીને તેને નાગ ગણાવીને પૂજા કરાવાય તો તેને ક્યો ધંધો કહેવાય?

રાજકોટના એક મંદિરમાંથી બાવન સાપ પકડાયા. આ મંદિરમાં સ્થાયી થયેલા ધર્મ ધૂરંધર મંદિરને નાગદેવતાનું ઘર ગણાવીને પૂજા કરાવતા હતા. આ અંગે વન વિભાગ તપાસ કરી રહ્યું છે. પ્રાથમિક વિગતો પ્રમાણે પૂજારીએ દાવો કર્યો છે કે, આસપાસના વિસ્તારોમાં સાપ નીકળે તો લોકો અહીં છોડી જતા હતા.

સનાતન પરંપરામાં નાગ દેવતાનું અતિ મહત્વ છે. આ માટેના વિશેષ શાસ્ત્રો છે. પૃથ્વી શેષનાગના મસ્તક પર હોવાની માન્યતા પણ છવાયેલી છે. નાગ પંચમી જેવા વિશેષ પર્વોની ઉજવણી થાય છે. જ્યોતિષીઓ કાલસર્પ યોગથી ડરાવીને પોતાના સ્વાર્થ સાધતા જોવા મળે છે.

નાગ અંગે સનાતનની પેટા પરંપરાઓમાં અનેક માન્યતાઓ છે. આ કારણે નાગના મંદિરો છે. નાગ દેવતાની પૂજા પણ કરવામાં આવે છે. આ વિષય શ્રધ્ધાનો છે. શ્રધ્ધા સાથે બુદ્ધિનો ઉપયોગ કરવાની મનાઇ નથી.

નાગ સરીસૃપ જાતિના જીવ છે. આ જાતિમાં બે મુખ્ય પ્રકારો છે. નાગ અને સાપ. સનાતન પરંપરામાં નાગનું મહત્વ છે. સાપ સામાન્ય જીવ ગણાય છે. જ્યારે નાગ દૈવી જીવમાં સમાવિષ્ટ થાય છે.

રાજકોટના મંદિરમાંથી ઝડપાયેલા બાવન જીવો છે, તે પ્રાથમિક માહિતી પ્રમાણે તમામ સાપ છે! મંદિરના ધર્મ ધૂરંધર સાપને નાગ ગણાવીને પૂજા કરાવતા હતા.

જીવસૃષ્ટિને થોડી પણ જાણો તો ભેદ સમજાય. નાગ સર્પકુળની વિશેષ જાતિ છે, જે ફેણ ચઢાવવાની ક્ષમતા ધરાવે છે. નાગ મોટાભાગે ઝેરી હોય છે અને ફેણ ચઢાવે ત્યારે ખૂબ ગુસ્સામાં હોય તેવો ભાવ દેખાય છે. પૌરાણિક કથાઓમાં આવા જીવને નાગ અને દેવતા ગણવામાં આવે છે. દરેક નાગ એ સાપ છે, પણ દરેક સાપ એ નાથ નથી. કોઇ વિશેષ જાણકારી વગર લોકો સામાન્ય સાપની પૂજા કરીને ધન્યતા અનુભવતા હતા.

જો કે, સનાતન પરંપરામાં દરેક જીવમાં પરમાત્માનો વાસ છે. આ દ્રષ્ટિએ નાગ અને સાપમાં પણ પરમાત્મા હોય છે. પરમાત્મા ક્યારેય નડતા નથી. કાલસર્પ દોષ મનમાં ઘૂસી જાય તો તમારું મન જ તમને નડતું હોય છે. લોકોની આવી માનસિકતા પૂજારીઓ-જ્યોતિષીઓને ફળતી હોય છે.


# SIR કામગીરીથી બંગાળમાં ખૌફ

## BLOની આત્મહત્યાના કિસ્સામાં ઉત્તરોતર વધારો : બંગાળમાં SIR પછી ૧ કરોડ મતદારોના નામ કાઢી નાખશે

નવીદિલ્હી, તા. ૧૯

પશ્ચિમ બંગાળ સહિત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓનું ખાસ સઘન સંશોધન (SIR) ચાલી રહ્યું છે. જોકે, પશ્ચિમ બંગાળમાં SIR ને લઈને જે ભય અને આતંકનું સ્તર છે તે અન્ય કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં અજોડ છે. SIR પ્રક્રિયામાં સામેલ બૂથ લેવલ ઓફિસરો (BLO) દ્વારા આત્મહત્યાની સંખ્યામાં સતત વધારો થયો છે. બુધવારે, જલપાઈગુડીમાં વધુ એક BLOએ આત્મહત્યા કરી. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો દાવો છે કે SIR પ્રક્રિયા શરૂ થયા પછી ૨૮ લોકો મૃત્યુ પામ્યા છે. તૃણમૂલ કોંગ્રેસે ચૂંટણી પહેલા SIR સામે યુદ્ધ જાહેર કર્યું છે અને તેનો સતત વિરોધ કરી રહી છે.

ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ પહેલાથી જ દાવો કર્યો છે કે બંગાળમાં SIR પછી ૧૦ મિલિયન મતદારોના નામ કાઢી નાખવામાં આવશે. આ મતદારો બાંગ્લાદેશી અથવા રોહિંગ્યા હશે. દરમિયાન, ચૂંટણી પંચે SIR સમક્ષ પણ જણાવ્યું હતું કે બંગાળમાં ૩.૪ મિલિયન મતદારો કાઢી નાખવામાં આવશે. આ આધાર કાર્ડ ધારકો મૃત હાલતમાં મળી આવ્યા છે. દરમિયાન, રાજ્યના




વિવિધ ભાગોમાંથી SIR ગભરાટને કારણે મૃત્યુના અહેવાલો આવી રહ્યા છે. બુધવારે, જલપાઈગુડીના માલબજારમાં એક બૂથ લેવલ ઓફિસર (BLO)નો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક BLOનું નામ શાંતિ મુનિ ઓરાઓન (૪૮) છે.

બુધવારે સવારે તેમના ઘરની નજીક તેમનો મૃતદેહ લટકતો મળી આવ્યો હતો. પરિવારનો આરોપ છે કે શાંતિએ વધુ પડતા કામના ભારણને કારણે આત્મહત્યા કરી હતી. સમાચાર મળતાં રાજ્યના મંત્રી બુલુચિક બરૈકે મૃતક BLOના ઘરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે ઈક્ય પર બે મહિનામાં SIR પ્રક્રિયા પૂર્ણ કરવા માટે અમાનવીય દબાણ કરવામાં આવી રહ્યું છે. શાંતિ મુનિ ઓરાઓન રંગમતી ગ્રામ પંચાયત, માલબજારમાં રહેતા હતા. તે ICDS કાર્યકર હતી અને રંગમતી ગ્રામ પંચાયતના બૂથ નંબર ૧૦૧ પર BLO તરીકે કામ કરતી હતી. બુધવારે સવારે તેમનો લટકતો મૃતદેહ ગળામાં સ્કાર્ફ વીંટાળેલો મળી આવ્યો હતો.

શાંતિ મુનિના પતિ સુખુ એક્કાએ કહ્યું, મારી પત્ની દરરોજ સવારે વહેલા ઉઠીને રસોઈ બનાવતી હતી. અમે થોડા મોડા ઉઠ્યા. આજે સવારે, મારી પત્ની ઉઠીને ગઈ પછી હું થોડો જાગી ગયો. જ્યારે હું તપાસ કરવા ગયો ત્યારે ખોરાક રાંધ્યો ન હતો. મેં મારી પત્નીને જોઈ નહીં. પછી મેં મારી પત્નીને થોડે દૂર લટકતી જોઈ.

તેમની પત્નીએ આત્મહત્યા કેમ કરી? સુખુ એક્કાનો દાવો છે કે તેમની પત્નીને રોજિંદા મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો કારણ કે તે બંગાળી વાંચી કે લખી શકતી નહોતી. તે દબાણમાં ભાંગી પડી હતી. તેમણે આરોપ લગાવ્યો કે થોડા દિવસો પહેલા, જ્યારે તે માલબજાર બ્લોકના જોઈન્ટ બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર પાસે બીએલઓ તરીકે રાજીનામું આપવા ગઈ હતી, ત્યારે તેમને કામ ચાલુ રાખવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે તેમને સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી કામ કરવું પડે છે. મૃતકના પુત્ર, ડિસોઝા એક્કા, જે કોલેજમાં છે, તેણે પણ કહ્યું કે તે બંગાળી વાંચી કે લખી શકતો નથી, તેથી તે તેની માતાને મદદ કરી શકતો નથી. શાંતિ મુનિ હંમેશા દબાણ વિશે વાત કરતા હતા.

## છત્તીસગઢમાં આતંકી પ્રવૃતિનું રેકેટ તોડી પાડતું ATS
## આરોપી દ્વારા ઈન્સ્ટાગ્રામ IDનો કરાતો ઉપયોગ

# ISIS માટે કામ કરવાના આરોપમાં બે સગીરોની ધરપકડ



નવીદિલ્હી, તા. ૧૯

છત્તીસગઢમાં આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ રાયપુર શહેરમાં ઇસ્લામિક સ્ટેટ ઓફ ઇરાક એન્ડ સીરિયા (ISIS) માટે કામ કરવાના આરોપમાં બે સગીરોની ધરપકડ કરી છે, એમ પોલીસ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે ATS એ ISIS માટે કામ કરતા બે સગીરોની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે પાકિસ્તાન સ્થિત ISIS મોડ્યુલ ભારતને અસ્થિર કરવા અને આંતરિક સુરક્ષા સાથે ચેડા કરવા માટે નકલી અને ઉપનામી ઓળખ સાથે સોશિયલ મીડિયા એકાઉન્ટનો ઉપયોગ કરતો હતો. આ હેન્ડલર્સ ભારતીય યુવાનો અને કિશોરોને ગેરમાર્ગે દોરવા, તેમને ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે ઉશ્કેરવા અને ભારે હિંસા, કટ્ટરપંથીકરણ અને જેહાદી વિચારધારા ફેલાવવા માટે ઈંક્ષતફિંલફિળ ઈંઉ નો ઉપયોગ કરી રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ મોડ્યુલ સાથે સંકળાયેલા પાકિસ્તાની હેન્ડલર્સે તેમના Instagram ગ્રુપ ચેટમાં ઉમેરીને સગીર ભારતીય કિશોરોને વ્યવસ્થિત રીતે કટ્ટરપંથી બનાવ્યા હતા અને તેમના દ્વારા ISIS વિચારધારા અને હિંસક ઉશ્કેરણી ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. પુરાવા પણ બહાર આવ્યા છે કે કિશોરોને છત્તીસગઢમાં ISIS મોડ્યુલ સ્થાપિત કરવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ATS અને સંબંધિત તપાસ એજન્સીઓની સતર્કતા અને સતત સાયબર દેખરેખના પરિણામે, ISISથી પ્રભાવિત બે કિશોરોની ઓળખ કરવામાં આવી હતી. ટેકનિકલ પુરાવાના આધારે, તેમની સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી વિજય શર્માએ પત્રકારોને જણાવ્યું હતું કે રાયપુરના બે સગીર ISIS સાથે સંકળાયેલા હતા અને એક પાકિસ્તાની મોડ્યુલના નિર્દેશો હેઠળ કામ કરી રહ્યા હતા. તેઓ સોશિયલ મીડિયા પર સક્રિય હતા અને નકલી ID બનાવ્યા હતા. તેઓ પોતે તેનાથી પ્રભાવિત હતા અને Instagram પર અન્ય લોકોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેઓ આ હેતુ માટે ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા હતા. વિજય શર્માએ જણાવ્યું હતું કે જ્યારે તપાસ દરમિયાન સ્પષ્ટ થયું કે તેમની પ્રવૃત્તિઓ રાષ્ટ્રવિરોધી છે, ત્યારે તેમને UAPAની કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે રાજ્યમાં આ પ્રકારનો આ પહેલો કેસ છે. રાજ્ય સરકાર ISIS સાથે સંકળાયેલા લોકોને ઓળખવા અને તેમની સામે કડક કાર્યવાહી કરવા માટે તમામ પ્રયાસો કરશે.

# ગેંગસ્ટર બિશ્નોઈની NIA એ કરી ધરપકડ

## કાનૂની પ્રક્રિયામાંથી થવું પડશે પસાર : NIAએ લીધો કસ્ટડીમાં : એજન્સીઓએ જાહેર કર્યું 'તું દસ લાખનું ઇનામ



નવીદિલ્હી, તા. ૧૯

અનમોલ બિશ્નોઈને ભારત લાવવામાં આવ્યો છે. ત્યાં પહોંચ્યા પછી, તેને અનેક રાજ્યોમાં પોલીસ કસ્ટડીમાં લેવામાં આવશે. આંતરરાષ્ટ્રીય ગેંગસ્ટર અનમોલ બિશ્નોઇ ભારત પહોંચ્યા પછી લાંબી કાનૂની પ્રક્રિયામાંથી પસાર થશે. NIA પહેલા તેનો કસ્ટડી લેશે, કારણ કે એજન્સીએ તેના પર ₹૧૦ લાખનું ઇનામ જાહેર કર્યું હતું અને તે ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સિન્ડિકેટ કેસમાં પણ વોન્ટેડ છે. NIAની કસ્ટડી પૂરી થયા પછી, કેસ દિલ્હી પોલીસ ક્રાઇમ બ્રાન્ચને ટ્રાન્સફર કરવામાં આવશે. ૨૦૨૩ માં, અનમોલે દિલ્હીની સનલાઇટ કોલોનીમાં એક વેપારી પાસેથી કરોડો રૂપિયાની ખંડણી માંગવા માટે વ્યક્તિગત રીતે ધમકીભર્યો ફોન કર્યો હતો. તેણે તેના ઘરની બહાર ગોળીબાર કરવાનો પણ આદેશ આપ્યો હતો. આ કેસ આરકે પુરમ યુનિટ દ્વારા નોંધવામાં આવ્યો હતો. આ પછી, દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ અનમોલને પણ કસ્ટડીમાં લેશે. મુંબઈ પોલીસ ક્રાઇમ બ્રાન્ચ બાબા સિદ્દીકી હત્યા કેસમાં અનમોલને કસ્ટડીમાં લેશે. ચાર્જશીટમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે અનમોલે સમગ્ર આયોજન ગોઠવ્યું હતું, શૂટર્સ અને હથિયારોની વ્યવસ્થા કરી હતી. પંજાબ પોલીસ સિદ્ધુ મૂસેવાલા હત્યા કેસના સંદર્ભમાં અનમોલને પણ તેમના રાજ્યમાં લઈ જશે. રાજસ્થાન પોલીસે અનમોલ વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ કરી છે, જેના પર ₹૧ લાખનું ઈનામ પણ રાખવામાં આવ્યું છે. કુલ મળીને, અનમોલ પર ૨૦ થી વધુ કેસ નોંધાયા છે.

અનમોલ ફક્ત ગુનેગાર જ નથી, પરંતુ તેના મોટા ભાઈ લોરેન્સ બિશ્નોઈનો જમણો હાથ અને ગુના સિન્ડિકેટનો સાચો ઉત્તરાધિકારી પણ માનવામાં આવે છે. હવે, એજન્સીઓ પણ નક્કી કરશે કે તેને ક્યાં રાખવામાં આવશે. તિહાર જેલ અથવા, તેના ભાઈની જેમ, ગુજરાતમાં સાબરમતી જેલ. લોરેન્સની ગેંગ દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ચંદીગઢ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં ફેલાયેલી છે. તેનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક કેનેડા, યુનાઇટેડ સ્ટેટ્સ, પોર્ટુગલ, દુબઈ, અઝરબૈજાન, ફિલિપાઈન્સ અને લંડન સુધી ફેલાયેલું છે. આશરે ૧,૦૦૦ સભ્યોમાં શૂટર્સ, સપ્લાયર્સ, રેકેટર્સ, સોશિયલ મીડિયા ટીમો અને આશ્રય પ્રદાતાઓનો સમાવેશ થાય છે. દરેક ઓપરેશનનું કાર્ય અલગ હોય છે, અને તેમની ઓળખ પણ વ્યક્તિગત રીતે કરવામાં આવતી નથી. સમગ્ર ઓપરેશન સિગ્નલ એપ અને વર્ચ્યુઅલ નંબરો દ્વારા ચલાવવામાં આવે છે. લોરેન્સ પોતે દરેક સભ્યને ઓળખતો નથી, પરંતુ તે નાણાકીય સહાય આપીને ગેંગને એકસાથે રાખે છે.

ગોલ્ડી બ્રાર (પંજાબ) અને રોહિત ગોદારા (રાજસ્થાન) લોરેન્સ અને અનમોલના સૌથી મોટા દુશ્મન છે. તાજેતરમાં, ગોદારાએ દુબઈમાં લોરેન્સ ગેંગના ફાઇનાન્સરની હત્યાનું આયોજન કર્યું હતું, જેનાથી બંને ગેંગ વચ્ચેની દુશ્મનાવટનો પર્દાફાશ થયો હતો. વિવિધ રાજ્યોમાં કેદ કર્યા પછી જ્યારે અનમોલને જેલમાં મોકલવામાં આવશે, ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ હશે કે તેને તિહાર જેલમાં મોકલવામાં આવશે કે સાબરમતી જેલમાં, જ્યાં તેનો ભાઈ લોરેન્સ હાલમાં કેદ છે. હરીફ ગેંગના સભ્યો પહેલાથી જ ઘણી જેલોમાં હાજર છે અને અનમોલ માટે નોંધપાત્ર ખતરો બનશે.

!! પ્રેમભક્તિના હસ્તાક્ષરે !!



ખાઈ માં પડેલો માણસ,
બહાર નીકળી શકે છે,
પરંતુ "અદેખાઈ "માં
પડેલો માણસ,
ક્યારેય બહાર નીકળી
શકતો નથી.

પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભાજપનું નવું લક્ષ્ય પશ્ચિમ બંગાળ

## ચૂંટણીની તૈયારીઓ સાથે રણનીતિ બનાવવાનું કાર્ય શરૂ : યાત્રાનું પણ આયોજન

નવીદિલ્હી, તા. ૧૯

બિહારમાં ઐતિહાસિક જીત બાદ, ભાજપે હવે પશ્ચિમ બંગાળની ચૂંટણી માટે તૈયારી અને રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધું છે. ભાજપ પશ્ચિમ બંગાળમાં યાત્રાનું આયોજન કરી રહ્યું છે. આ યાત્રા પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાંથી પસાર થશે અને કોલકાતામાં સમાપ્ત થશે. આ યાત્રાના રૂટ મેપ અંગે ચર્ચાઓ ચાલી રહી છે, જે આવતા વર્ષે શરૂ થશે. ભાજપ ચૂંટણીની તૈયારી માટે બૂથથી જિલ્લા સ્તર સુધી તેના સંગઠનને મજબૂત અને તૈયાર કરવાનો હેતુ ધરાવે છે, તે ઉપરાંત તેનો હેતુ ભાજપના કાર્યકરોના મનમાંથી ટીએમસી હિંસાનો ભય દૂર કરવાનો પણ છે. ભાજપના કાર્યકરો વારંવાર ફરિયાદ કરે છે કે ટીએમસી કાર્યકરો તેમને જનતામાં કામ કરતા અટકાવે છે, હિંસા અને ધાકધમકીનો આશરો લે છે અને સમર્થકોને ધમકી પણ આપે છે. પક્ષ માને છે કે આ યાત્રાની તૈયારીઓ, બૂથ સ્તરના કાર્યકરો સાથે વાતચીત અને યાત્રા દરમિયાન વરિષ્ઠ નેતાઓની હાજરી કાર્યકરોના મનમાંથી ટીએમસીનો ડર દૂર કરશે. આ યાત્રા ભાજપના મતદારોના મનમાંથી ડર દૂર કરવામાં પણ મદદ કરશે.

ભાજપે મમતા બેનર્જીના વંશીય રાજકારણ પર હુમલો કરવાની રણનીતિ પણ બનાવી છે. ભાજપના નેતાઓ દલીલ કરે છે કે બંગાળના લોકો વંશીય રાજકારણને નાપસંદ કરે છે. જોકે, મમતા બેનર્જી તેમના ભત્રીજા અભિષેક બેનર્જી દ્વારા તેનો પ્રચાર કરી રહ્યા છે. ભાજપ માને છે કે વંશવાદના રાજકારણનો મુદ્દો ઉઠાવવાથી બંગાળના લોકો અને મમતા બેનર્જીના લાંબા સમયથી વફાદાર નેતાઓ બંનેને સંદેશ જશે. ભાજપે બંગાળની ચૂંટણીમાં કોઈ એક ચહેરો રજૂ ન કરવાનો નિર્ણય લીધો છે, પરંતુ સામૂહિક નેતૃત્વ હેઠળ ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. ભાજપની રણનીતિ એવી રહી છે કે જ્યાં તે સત્તામાં ન હોય ત્યાં સામૂહિક નેતૃત્વ હેઠળ ચૂંટણી લડવી, કારણ કે આનાથી જૂથવાદને કાબુમાં લેવામાં મદદ મળે છે.



આ વખતે, પાર્ટી ચૂંટણી પહેલા અન્ય પક્ષોના નેતાઓને પાર્ટીમાં સામેલ કરશે નહીં. પાર્ટીને પ્રતિસાદ મળ્યો છે કે ચૂંટણી પહેલા અન્ય પક્ષોના નેતાઓને પાર્ટીમાં સામેલ કરવાથી પાર્ટીના પાયાના કાર્યકરો અને નેતાઓના અધિકારોનું ઉલ્લંઘન થાય છે અને નારાજગી થાય છે. જો કેટલાક અગ્રણી નેતાઓ જોડાય તો પણ, તેમની પૃષ્ઠભૂમિ અને ભૂતકાળના નિવેદનોની તપાસ કરવામાં આવશે. ભાજપનો અંદાજ છે કે છેલ્લી ત્રણથી ચાર ચૂંટણીઓમાં, ભાજપે એક યા બીજા સ્વરૂપમાં ૨૨૧ બેઠકો જીતી છે. આ આંકડા દર્શાવે છે કે પાર્ટીએ પાયાના સ્તરે મજબૂત પગપેસારો સ્થાપિત કર્યો છે; ફક્ત સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ભાજપનું લક્ષ્ય ૧૬૦ થી ૧૭૦ બેઠકો જીતવાનું છે, જેના માટે તે પક્ષના ઉમેદવારોની પસંદગીમાં ખાસ કાળજી રાખશે.

### વાહનો સહિત ૮૫.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જેઃ હુડકો સોસાયટીના પ્લોટમાં કટિંગ થાય એ પહેલાં દરોડો

# વેરાવળમાં SMC ત્રાટકી ૪૪ લાખનો દારૂ ઝડપાયો

## વેરાવળના રેનીશ, પાર્થ, ધર્મેશ પકડાયાઃ ૧૩ આરોપીઓ વોન્ટેડ જાહેર







રાજકોટ, તા.૧૯

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં સ્પેશિયલ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા મોટી રેડ પાડવામાં આવી હતી. વેરાવળ શહેર પોલીસ સ્ટેશન વિસ્તારના હુડકો સોસાયટીના ખુલ્લા પ્લોટમાં પાડવામાં આવેલી આ રેડમાં કુલ રૂપિયા ૮૫,૬૧,૭૨૦ રૂપિયાનો જંગી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

રેડ દરમિયાન પોલીસને મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેની વિગતો જોઈએ તો વિદેશી દારૂની બોટલો ૧૯,૩૭૫ બોટલ કિંમતઃ રૂ. ૪૪,૨૩,૨૨૦, વાહનોઃ ૪ વાહનો ટેન્કર ટ્રક, અશોક લેલેન્ડ પિકઅપ, મહિન્દ્રા બોલેરો પિકઅપ, સુઝુકી બર્ગમેન જેની અંદાજિત કિંમત ૪૧,૦૦,૦૦૦ છે. આ ઉપરાંત મોબાઈલ ફોનઃ ૦૫ નંગ, કિંમત રૂ.૩૦,૦૦૦,રોકડ રકમઃ ૭,૮૦૦ તથા અન્ય મુદ્દામાલઃ રૂપિયા ૭૦૦ મળી કુલ જપ્ત કરાયેલ મુદ્દામાલ કિંમત રૂપિયા ૮૫,૬૧,૭૨૦નો કબ્જે કરાયો છે.

જપ્ત કરાયેલો વિદેશી દારૂ ગુજરાતમાં વેચાણ માટે પ્રતિબંધિત છે અને તે ખાસ કરીને દમણ અને દીવ તથા દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશોમાં જ વેચાણ માટે બોટલિંગ થયેલો હતો. દારૂનું ઉત્પાદન હિમાચલ પ્રદેશ, યુપી, દમણ અને મહારાષ્ટ્રમાં થયું હતુ.

આ રેડના આધારે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૧(૩), ૧૧૧(૪) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એસએમસી દ્વારા રેડ કરીને ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમને વેરાવળ સિટી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. જેમાં રેનિશ કાસમભાઈ કોટડિયા (મુખ્ય આરોપી), રહે. ગંગાનગર, વેરાવળ, પાર્થ ગિરીશભાઈ રૂઘાણી, રહે. સ્વામિનારાયણ મંદિર પાસે, વેરાવળ અને ધર્મેશ નરસિંહભાઈ ખાપંડી, રહે. કમ્યુનિટી હોલ સામે, વેરાવળનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, આ કેસમાં કુલ ૧૩ વ્યક્તિઓ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ટેન્કર ટ્રક (MH 06 AQ 6131), અશોક લેલેન્ડ પિકઅપ (GJ 36 V 3102), મહિન્દ્રા બોલેરો પિકઅપ (GJ 32 T 7067) અને સુઝુકી બર્ગમેન (GJ 32 AE 4313)ના ડ્રાઈવરો અને માલિકો/ધારકોનો સમાવેશ થાય છે. દમણથી દારૂ મોકલનાર અજાણ્યા સપ્લાયર ઉપરાંત, જૂનાગઢના રહેવાસી રવિ હમીરભાઈ ભરાઈ, તેના પાર્ટનર બહાદુર દિલુભાઈ બાબરિયા અને જયેશ ઉર્ફે જય મુળીયાસીયા તેમજ જયેશ મુળીયાસીયાના અન્ય બે અજાણ્યા સાથીઓનો પણ વોન્ટેડ આરોપીઓની યાદીમાં સમાવેશ થાય છે.

મહત્વપૂર્ણ છે કે વોન્ટેડ આરોપી સપ્લાયર, રવિ ભરાઈ અને બહાદુર બાબરિયા ભૂતકાળમાં પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આ સમગ્ર કાર્યવાહી એસએમસી પીઆઇ પી.પી. બ્રહ્મભટ્ટ અને ટીમ દ્વારા કરવામાં આવી છે.

### રાજકોટમાં ચોંકાવનારી ઘટનાઃ સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી

# વૃદ્ધને ‘ડિજિટલ એરેસ્ટ’ કરી ૧.૧૪ કરોડની છેતરપિંડી

## ચાઈલ્ડ પોર્નોગ્રાફી, ઓનલાઈન ગેમ્બલિંગ અને સાયબર આતંકવાદ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવણી છે કહી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે ડરાવી રોકડ પડાવી લીધી




રાજકોટ, તા.૧૯

શહેરના જુના એરપોર્ટ રોડ વિસ્તારમાં રહેતા ૭૬ વર્ષીય એક નિવૃત્ત સિનિયર સિટીઝન ગંભીર સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. છેતરપિંડી કરનારાઓએ પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાંચના પો.સ.ઈ. તરીકે ઓળખાવી, ‘ડિજિટલ એરેસ્ટ’ અને ’સાયબર આતંકવાદ’ના કેસની ધમકી આપી ફરિયાદી અને તેમના પત્નીના બેંક ખાતામાંથી અધધધ રૂપિયા ૧,૧૪,૫૫,૦૦૦ની રકમ પડાવી લીધી છે.

શહેર સાયબર ક્રાઈમ પોલીસે કુરબાન વલીજી બદામી ઉવ-૭૬ ધંધો-નિવૃત રહે- ‘શબન’ મકા૧ એકઝાનનગર સોસાયટી પત્રકાર સોસાયટીની નજીક જુનો એરપોર્ટ રોડ પર રહેતા વૃદ્ધની ફરિયાદ પરથી ગુનો દાખલ કરાયો છે ભોગ બનનાર કુરબાન વલીજી બદામીના જણાવ્યા મુજબ ગત તા. ૨૯/૧૦ના રોજ તેમને એક અજાણ્યા મોબાઈલ નંબર (૮૯૦૦૨ ૦૨૬૮૩) પરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાને જીઓ ટેલિકોમ કંપનીનો કર્મચારી ગણાવી જણાવ્યું કે તેમનો ફોન ચાઈલ્ડ પોર્નોગ્રાફી, ઓનલાઈન ગેમ્બલિંગ અને સાયબર આતંકવાદ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં વપરાયો છે અને ફોન બે કલાકમાં બંધ થઈ જશે. જ્યારે ફરિયાદીએ મુંબઈ જઈને ખુલાસો કરવામાં અસમર્થતા વ્યક્ત કરી, ત્યારે ગઠિયાઓએ વોટ્સએપ વિડીયો કોલ દ્વારા સંપર્ક કરાવ્યો હતો.

વોટ્સએપ નંબર ૯૬૫૭૨ ૯૭૨૫૦ પરથી આવેલા વિડીયો કોલમાં પોલીસની વર્દી પહેરેલા એક વ્યક્તિએ પોતાની ઓળખ પો.સ.ઈ. શંકર સુરેશ પાટીલ મુંબઈ ક્રાઈમ બ્રાંચ તરીકે આપી. આ નકલી અધિકારીએ ફરિયાદી પાસેથી તેમની તમામ અંગત અને પારિવારિક વિગતો તેમજ આધાર કાર્ડ નંબર મેળવી લીધા.

ત્યારબાદ તેમને ધમકી આપવામાં આવી કે તેમના આધાર કાર્ડનો ઉપયોગ અલગ-અલગ રાજ્યોમાં મની લોન્ડરિંગ અને સાયબર ક્રાઈમમાં થયો છે, જેના માટે તેમને ૧૦ વર્ષથી આજીવન કેદની સજા થઈ શકે છે. ફિઝિકલ એરેસ્ટ ટાળવા માટે, તેમને ‘ડિજિટલ એરેસ્ટ’ કરવામાં આવ્યા હોવાનું જણાવી, ગઠિયાઓ દ્વારા સૂચનાઓનું પાલન કરવા દબાણ કરવામાં આવ્યું.

ગઠિયાઓએ ફરિયાદીને વિશ્વાસ અપાવ્યો કે તેમની તમામ સંપત્તિ શંકાના દાયરામાં છે, જેથી તેમણે તમામ પ્રોપર્ટીને ‘લિક્વિડેટ’ (રોકડમાં રૂપાંતરિત) કરીને RBI (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા) માં જમા કરાવવી પડશે. આ વિશ્વાસ કેળવવા માટે, વોટ્સએપ પર સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા અને RBIના ડેપ્યુટી ગવર્નર ટી. રબીશંકરની સહી તથા સિક્કાવાળા ખોટા દસ્તાવેજો મોકલી આપવામાં આવ્યા હતા. ડરી ગયેલા ફરિયાદી અને તેમના પત્ની દુરૈયાબેને તા. ૦૩/૧૧/૨૦૨૫ થી તા. ૧૦/૧૧/૨૦૨૫ દરમિયાન કુલ પાંચ ટ્રાન્ઝેક્શનમાં યસ બેંક, એક્સિસ બેંક અને અન્ય SBI ખાતાઓમાં કુલ રૂ. ૧,૧૪,૫૫,૦૦૦ જમા કરાવ્યા હતા.

પૈસા પૂરા થયા બાદ, ગઠિયાઓએ વધુ રૂપિયા ૧૦ લાખ ભરવાની માંગણી કરી અને જો તે ન ભરાય તો ફરિયાદીને ફિઝિકલ એરેસ્ટ કરવાની અને તેમની ઑસ્ટ્રેલિયા-કેનેડા સ્થિત બંને પુત્રીઓને ભારત ડીપોર્ટ કરવાની ધમકી આપી ડરાવી આ ફ્રોડ અચરાયું હતું. આ તબક્કે, ફરિયાદીએ તેમની નાની પુત્રી ઈશરતનો સંપર્ક કર્યો, જેમણે તાત્કાલિક આ ફ્રોડ હોવાનું જણાવ્યું.

આથી કુરબાન બદામીએ તાત્કાલિક પગલું ભરીને તા. ૧૮/૧૧/૨૦૨૫ ના રોજ ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ રજિસ્ટર કરવામાં આવી છે. પોલીસે ઓળખ ચોરી, જબરજસ્તી વસૂલી અને વિશ્વાસઘાત હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સિનિયર સિટીઝન્સ સહિત તમામ નાગરિકોએ નોંધ લેવી કે કોઈ પણ સરકારી એજન્સી (પોલીસ, CBI, RBI) ક્યારેય વોટ્સએપ વિડીયો કોલ કરીને અથવા નાણાંને ‘લિક્વિડેટ’ કરીને ’સલામત’ બેંક ખાતામાં જમા કરાવવાનું કહેતી નથી. જો આવી કોઈ ધમકી મળે, તો તાત્કાલિક ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવવી. આ બનાની તપાસ અધિકારી વી.એન. કુછડીયા કરી રહ્યા છે.

# જમીન વિવાદમાં ત્રણ માડીજાયાએ પીધુ ઝેર

## વાંકાનેરના મહિકાનો બનાવઃ રેતીની લીઝ રાખનારાઓએ નદી કાંઠે પાંચ દાયકાથી જમીન વાવતા બાંભણીયા પરિવારને જમીન ખાલી કરવાનું કહી ધમકાવતાં ત્રણ ભાઈઓ રીંગણીમાં છાંટવાની દવા ગટગટાવી ગયાઃ રાજકોટ સારવારમાં ખસેડાયા





રાજકોટ, તા. ૧૯

એવી કહેવત છે કે જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ. આ કહેવતને સાચી ઠેરવતી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં જમીનના વિવાદમાં ધમકીઓ મળતાં હેરાન કરવામાં આવતાં બે સગાભાઈઓ, એક પિત્રાઈ મળી ત્રણ ભાઈઓ સજોડે ઝેર પી જતાં ત્રણેયને સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના મહિકા ગામે આ બનાવ બન્યો છે. જેમાં જમીન વિવાદે એક જ પરિવારના ત્રણ પિતરાઈ ભાઈઓએ સામુહિક આત્મહત્યાનો પ્રયાસ કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

વિગતો પર નજર કરીએ તો પાંચ દાયકાથી ખેતી કરીને ગુજરાન ચલાવતા પરિવારને નદીની રેતી લીઝ ધારકો દ્વારા જમીન ખાલી કરવાના નામે સતત ધાકધમકી આપવામાં આવતી હતી. આ ધમકીઓથી કંટાળી ગયેલા ત્રણેય યુવાનોએ આજે વાડીમાં ઝેરી દવા પી લેતાં તેમને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બનાવની વિગત મુજબ મહિકા ગામે રહેતા ત્રણ પિતરાઈ ભાઈઓ યશ હરિભાઈ ખંભણીયા (ઉ.વ.૨૦), કલ્પેશ વિનોદભાઈ ખંભણીયા (ઉ.વ.૨૩) અને વિશાલ વિનોદભાઈ ખંભણીયા (ઉ.વ.૨૦), ત્રણેય પોતાની મહિકાની વાડીએ હાજર હતા. આ દરમિયાન ત્રણેય યુવાનોએ એક સાથે રીંગણીના પાકમાં છાંટવા માટે રાખેલી ઝેરી દવા પી લીધી હતી.

ત્રણેયની તબિયત લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, અમૃતભાઈ મકવાણા, પ્રતાપભાઈ, રવિભાઈ, ધર્મેન્દ્રભાઈ સહિતના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. આ બનાવ પાછળના કારણો આપતાં કલ્પેશ અને વિશાલના પિતા વિનોદભાઈ ધરમશીભાઈ ખંભણીયાએ જણાવ્યું હતું કે તેમનો પરિવાર છેલ્લા પચાસ વર્ષથી નદી કાંઠે આવેલી આ ખેતીની જમીન વાવી રહ્યો છે અને તેઓ દર મહિને નિયમ મુજબ પંચાયતને તેની ફી પણ ચૂકવે છે.

નદી કાંઠે રેતીની લીઝ જેને મળી છે તે શખ્સો દ્વારા છેલ્લા પંદરેક દિવસથી સતત હેરાનગતિ કરવામાં આવી રહી હતી. લીઝ ધારકો દાવો કરી રહ્યા હતા કે આ ખેતીની જમીન પણ તેમની લીઝ હેઠળ આવી ગઈ છે અને તેથી અમારે તાત્કાલિક જમીન ખાલી કરવી પડશે. વિનોદભાઈના કહેવા મુજબ, લીઝધારકોના માણસો વારંવાર આવીને ધાકધમકી આપી રહ્યા હતા અને માથાકૂટ કરી રહ્યા હતા. આજે પણ આ લોકો વાડીમાં આવ્યા હતા અને તેમના દીકરાઓ વિશાલ, કલ્પેશ અને ભત્રીજા યશ સાથે ઝઘડો કરી મારવા માટે દોટ મૂકી હતી.

આ અચાનક હુમલા અને ધમકીથી ગભરાયેલા ત્રણેય યુવાનોએ ડરના માર્યા ત્યાં પડેલી રીંગણીમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. દવા પીધા બાદ યુવાનોનો દેકારો સાંભળીને દૂર રહેલા વિનોદભાઈ અને અન્ય કુટુંબીજનો દોડી આવતાં માથાકૂટ કરનારા શખ્સો નાસી ગયા હતા. હાલમાં ત્રણેય યુવાનો રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. પોલીસે વિનોદભાઈના નિવેદન અને પ્રાથમિક માહિતીના આધારે જમીન વિવાદ અને ધમકી આપનારા શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અને બનાવના મૂળ કારણોની વધુ તપાસ હાથ ધરી છે.

### ફેસબૂક ઈન્સ્ટાગ્રામમાં લોભામણી જાહેરાતો મૂકી લોકોને ફસાવતાં હતાં

# સોશિયલ મીડિયામાં ‘એકના ચાર ગણા’ના નામે ઠગાઈ

## કુવાડવા પોલીસની કાર્યવાહીઃ દૂધની ડેરી પાસેનો શૈલેષ અને મોરબી રોડનો જગદીશ પકડાયાઃ ઠગાઈનાં ૫૦ હજાર અને કાર પણ કબ્જે

રાજકોટ, તા. ૧૯

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર આકર્ષક જાહેરાતો મૂકી ‘એકના ચાર ગણા’ રૂપિયાની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી કરતી એક ગેંગના બે મુખ્ય આરોપીઓને રાજકોટની કુવાડવા રોડ પોલીસે તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલું વાહન અને રોકડ સહિત કુલ રૂ. ૨,૫૦,૦૦૦નો મુદ્દામાલ પણ કબજે કર્યો છે.

સમગ્ર કાર્યવાહીની વિગતો આપતા પોલીસ સૂત્રો દ્વારા જણાવાયું હતું કે, શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર હેતલ પટેલ (ઝોન-૧) અને મદદનીશ પોલીસ કમિશ્નર આર.એસ. બારીઆ સાહેબ (ઉત્તર વિભાગ)ના માર્ગદર્શન હેઠળ સોશિયલ મીડિયાના માધ્યમથી થતા આવા છેતરપિંડીના ગુનાઓને અટકાવવા અને તેમાં સંડોવાયેલા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી.

પોલીસ ઈન્સ્પેકટર બી.પી. રજયાની સૂચના હેઠળ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો. તે દરમિયાન, એ.એસ.આઈ. ખોડુભા વી. જાડેજા તથા પો.કોન્સ. ભાવેશભાઇ મુળુભાઇ મકવાણા અને જયદિપભાઇ ગોપાલભાઇ ધોળકીયાને ચોક્કસ હકીકત મળી હતી. આ હકીકત મુજબ, તાજેતરમાં છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા બે શખ્સો માલીયાસણ ગામ નજીક જીયોના પેટ્રોલ પંપ પાસે, બેડી ગામથી માલીયાસણ બાયપાસ રોડ ઉપર સફેદ કલરની સ્વિફ્ટ કાર (રજી.નં. GJ-13-AM-0748) સાથે ઊભેલા છે.





આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે તુરંત જ બેડી-માલીયાસણ બાયપાસ રોડ પર આવેલા સોખડા સર્કલ પાસેથી બંનેને દબોચી લીધા હતા. તેમની પૂછપરછ અને તપાસના આધારે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુન્હો ડીટેક્ટ કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન, છેતરપિંડીનો ભોગ બનેલા ફરિયાદીના રોકડા ૫૦,૦૦૦ પણ રિકવર કરવામાં આવ્યા હતા.

આ ગુનામાં શૈલેષ કેશુભાઇ સીપરીયા (ઉ.વ. ૩૭, ધંધો ડ્રાઇવિંગ, રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમરનગર શેરી નં. ૦૧, દુધસાગર રોડ, રાજકોટ) અને જગદિશ હીરજીભાઇ પીપળીયા (ઉ.વ. ૪૩, ધંધો વેપાર, રહે. સેટેલાઇટ ચોક, મોરબી રોડ, રાધામીરા સોસાયટી, રાજકોટ)નો સમાવેશ થાય છે.

પોલીસે આરોપીઓ પાસેથી ગુનાના કામે ઉપયોગ થયેલી સફેદ કલરની સ્વિફ્ટ કાર (અંદાજિત કિંમત રૂ ૨,૦૦,૦૦૦ અને ફરિયાદીના ગયેલા રોકડા રૂ. ૫૦,૦૦૦ સહિત કુલ ૨,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરેલ છે. વધુમાં, આરોપી શૈલેષ કેશુભાઇ સીપરીયાનો ભૂતકાળમાં રાજકોટ શહેર ગાંધીગ્રામ પો.સ્ટે. ખાતે આઇ.પી.સી. કલમ ૩૨૩, ૩૪, ૩૬૪એ, ૩૮૮, ૫૦૪ વિ. મુજબનો ગંભીર ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે.

આરોપીઓ વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં. ૦૬૪૦/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૩૧૮(૪), ૫૪ મુજબનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં પોલીસ ઈન્સપેકટર બી.પી. રજયા, પો.સબ.ઈન્સ બી.વી. ભગોરા, એ.એસ.આઇ. ખોડુભા વી. જાડેજા, પો.કોન્સ. ભાવેશભાઇ મુળુભાઇ મકવાણા, જયદિપભાઇ ગોપાલભાઇ ધોળકીયા અને મેહુલસિંહ નાનુભા ચુડાસમા સહિતના સ્ટાફના માણસો જોડાયા હતા.

### રાજ્યમાં દંપતિઓ વચ્ચેના કજીયામાં વધી ગયા છે હત્યા આત્મહત્યાના બનાવો

# સમાધાન માટે મિત્ર સાથે ગયેલા યુવાનની લોથ ઢળી

## પત્નિએ પતિને છરીના ઘા મારતા ગંભીરઃ વચ્ચે પડેલા પતિના મિત્રને પત્નિના ભાઇએ પતાવી દીધો

રાજકોટ, તા.૧૯

હત્યાની રોજબરોજ બની રહેલી ઘટનાઓ સતત લોકોને ચોંકાવી રહી છે. પતિ-પત્નિની માથાકુટ, અફેરને કારણે કે કલેશને કારણે હત્યા આત્મહત્યાની ઘટનાઓ રાજ્યમાં વધી ગઇ છે. દરમિયાન એક કિસ્સામાં પતિ-પત્નિના ઝઘડામાં નિર્દોષ મિત્રની લોથ ઢળી ગઇ છે. પરસ્ત્રી સાથે સંબંધની શંકામાં પત્નિએ પતિ પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં યુવતિના ભાઇએ કરેલા વળતા હુમલામાં એક નિર્દોષનો ભોગ લેવાઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો ઘટના સુરતની છે. શહેરના મોરા ભાગળ વિસ્તારમાં પતિ-પત્ની વચ્ચેના પારિવારિક ઝઘડામાં એક નિર્દોષ યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલા ઝઘડામાં સમાધાન કરાવવા વચ્ચે પડેલા પતિના મિત્રની પત્નિના ભાઈએ માછલી કાપવાના ધારદાર ચપ્પુના ઘા મારી ઘાતકી હત્યા કરી દીધી હતી. જ્યારે આ ઝઘડામાં પત્નિએ એક ચપ્પુથી પતિ પર જીવલેણ હુમલો કર્યો હતો.

આ સમગ્ર ઘટનામાં પતિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. પોલીસે હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધી પત્નિ પૂજા સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિંગણપોર ગામના વણઝારા વાસ પાસે રહેતા છવ્વીસ વર્ષીય ટ્રક ડ્રાઈવર દિનેશ ધનસુખ રાઠોડ અને તેમની પત્નિ પૂજા રાઠોડ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ઘરકંકાસ ચાલી રહ્યો હતો. દંપતીને ત્રણ બાળકો છે તેમ છતાં પૂજા છેલ્લા આઠ મહિનાથી મોરા ભાગળ શારદાનગર-૨માં તેના પિયરમાં રહેવા ચાલી ગઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, ઝઘડાનું મુખ્ય અને ગંભીર કારણ એ હતું કે, પૂજાને તેના પતિ દિનેશના અન્ય કોઈ સ્ત્રી સાથે સંબંધ હોવાની આશંકા હતી.



આ શંકાને લઈને પતિ-પત્નિ વચ્ચે અવારનવાર ગ્ર બોલાચાલી અને ઝઘડા થતા રહેતા હતા. જેના કારણે છેલ્લા આઠ મહિનાથી પિયર રહેવા માટે આવી ગઈ હતી. દરમિયાન દિનેશ પોતાના મિત્ર અજય દેવીપૂજક સાથે તેની પત્નિ પૂજા અને બાળકોને મળવા શારદાનગર ખાતે ગયો હતો. પતિ-પત્ની વચ્ચે વાતચીત શરૂ થતાં જ શંકાને લઈને ફરીથી ઝઘડો થયો હતો. આ ઝઘડામાં પૂજાના સગા-સંબંધીઓ તેવા અજીત વસંતભાઈ રાઠોડ, ધર્મેશ બચુભાઈ રાઠોડ અને સુનિલ રાઠોડ પણ સામેલ થયા હતા. ડીસીપી લખધીરસિંહના જણાવ્યા મુજબ, ઉશ્કેરાયેલી પત્ની પૂજા રાઠોડે ઘરમાં મુકેલા ચપ્પુ વડે તેના પતિ દિનેશ પર હુમલો કરી ચપ્પુના ઘા માર્યા હતા.

દિનેશ ગંભીર ઈજા સાથે ઘવાયો હતો, જ્યારે દિનેશના મિત્ર અજય દેવીપૂજક પરિસ્થિતિને થાળે પાડવા અને ઝઘડો છોડાવવા માટે વચ્ચે પડ્યો ત્યારે પૂજના ભાઈ અજીત વસંત રાઠોડે તના પર જીવલેણ હુમલો કર્યો હતો. અજીત માછલી વેચવાનો ધંધો કરતો હોવાથી ઘરમાં માછલી કાપવા માટે ધારદાર ચપ્પુ રાખતો હતા. અજીતે આજ તીક્ષ્ણ હથિયાર વડે અજય દેવીપૂજકને પેટના તેમજ ડાબા હાથના ભાગે ઉપરા છાપરી ઘા માર્યા હતા. નિર્દોષ અજય દેવીપૂજક ચપ્પુના ઘા વાગતા ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો. તેમને તાત્કાલિક સારવાર માટે લાઈફલાઈન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યો હતો. મિત્રની હત્યા થતા અને પોતે ઈજાગ્રસ્ત થતાં દિનેશ આઘાતમાં સરી પડ્યો હતો.

આ બનાવની જાણ રાંદેર પોલીસને થતા પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. ડીસીપી લખધીરસિંહે જણાવ્યું હતું કે આ સમગ્ર ઘટનામાં પતિ ગંભીર ઈજાગ્રસ્ત છે, જ્યારે તેમના મિત્રનું મોત નીપજ્યું છે. પોલીસે આ મામલે હત્યા અને હત્યાના -યાસનો ગુનો નોંધી પત્નિ પૂજા રાઠોડ અને તેના સગા અજીત રાઠોડ, ધર્મેશ રાઠોડ અને સુનિલ રાઠોડ સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. આમ દંપતિના ડખ્ખામાં નિર્દોષનો ભોગ લેવાઇ ગયો હતો.


### રાજકોટ શહેર જીલ્લામાં ઉપાડો લઈને ઉઠ્યા છે તસ્કરીયાઓઃ જે મળે તેનો હાથફેરો

# PGVCL કોન્ટ્રાક્ટરના સાડા છ લાખના વાયરની ચોરી

## એલ્યુમિનીયમનો વાયર જમા કરાવવાનો હતો એ ચોર ઉસેડી ગયાઃ વિછીંયા પોલીસે શરૂ કર્યો તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૧૯

ચોરીના બનાવો શહેર જીલ્લામાં સતત વધી ગયા છે. રાજકોટ શહેરમાં જે રીતે ચોર ઉપાડો લઇને ઉઠ્યા છે એ જ રીતે જીલ્લામાં પણ તસ્કરીયાઓ પોલીસને પડકાર ફેંકી રહ્યા છે. આ વચ્ચે જિલ્લાના વિંછીયા તાલુકાના ગોરૈયા ગામમાં એક ચોરીની મોટી ઘટના સામે આવી છે, જેમાં પી.જી.વી.સી.એલ. ના કોન્ટ્રાક્ટરનો આશરે રૂપિયા સાડા છ લાખની કિંમતનો એલ્યુમિનિયમ વાયરનો મોટો જથ્થો ચોરી જવાયો છે. આ મામલે કોન્ટ્રાક્ટર દેવાયતભાઈ લખમણભાઇ ખાંભલાએ વિંછીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



ઉઠાંતરીના અન્ય બનાવોમાં સિવિલ હોસ્પિટલમાંથી છકડો ચોરાઇ ગઇ, જેકે પાર્કમાંથી ઉપડી ગયું મોટરસાઇકલ

ચોરીની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ફરિયાદી દેવાયતભાઈ ખાંભલા, જેઓ છેલ્લા બે વર્ષથી પીજીવીસીએલના સાયલા, ડોળીયા, ચુંડા અને લીંબડી એમ ચાર ડિવિઝનના પ્રાઈવેટ કોન્ટ્રાક્ટ સંભાળે છે, તેમણે ફરિયાદમાં જણાવ્યું કે આશરે બે માસ પહેલાં દેવગઢ-વેજળકા ગામની વાડી વિસ્તારમાંથી આવેલો આ એલ્યુમિનિયમનો વાયર પીજીવીસીએલમાં જમા કરાવવાનો બાકી હતો. આ વાયરનો જથ્થો આશરે ૧૨ કિલોમીટર જેટલી લંબાઈ અને ૩૫૦૦ કિલોગ્રામ જેટલો વજન ધરાવતો હતો. જેની પ્રતિ કિલો કિંમત રૂપિયા ૧૮૬ ગણતા કુલ કિંમત રૂપિયા ૬,૫૧,૦૦૦ થાય છે.

આટલો મોટો જથ્થો તેમણે તેમના ફઈના દીકરા ગોવિંદભાઈ કાનાભાઈ ઘાંઘળના ગોરૈયા ગામ સ્થિત રહેણાંક મકાનની બાજુમાં આવેલા જાહેર ખુલ્લા પ્લોટમાં રાખ્યો હતો અને તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું. ચોરીની ઘટના તાજેતરમાં રાત્રિના બારથી સવારના સાત વાગ્યાના સુમાર દરમિયાન બની હોવાનું અનુમાન છે. ફરિયાદીના સબંધી ગોવિંદભાઈ ઘાંઘળના કહેવા મુજબ દસમી નવેમ્બરના રાત્રે વાયરનો જથ્થો ત્યાં હતો. પરંતુ, બીજા દિવસે સવારે તેમના પિતા કાનાભાઈ ઘાંઘળ દ્વારા જાણ કરવામાં આવી કે પ્લોટમાં રાખેલા એલ્યુમિનિયમ વાયરના ગુંચળાઓ જોવા મળતા નથી.

ચોરીની આ ઘટનાની જાણ થતા દેવાયતભાઈ તાત્કાલિક ગોવિંદભાઈના ઘરે પહોંચ્યા હતા અને સ્થળ પર તપાસ કરતા વાયરનો જથ્થો ગાયબ હતો. આજદિન સુધી ફરિયાદી દ્વારા અંગત સ્તરે શોધખોળ કરવા છતાં વાયર કે ચોર અંગે કોઈ ભાળ મળી ન હોવાથી આખરે વિંછીયા પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર દાખલ કરાવતાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.સી. ડામોરે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તાજેતરમાં આ પ્રકારે કેબલ વાયર ચોરતી રાજકોટથી ટોળકીને જામનગર પોલીસે પકડી હતી. જેણે પવનચક્કીના પ્લાન્ટમાંથી લાખોનો કેબલ ચોરી કર્યાનો પર્દાફાશ થયો હતો. જો કે આ ચોરીમાં કોણ સંડોવાયેલુ છે તેની કડી હજુ મળી નથી. પોલીસે અલગ અલગ દિશામાં તપાસ આરંભી હતી.

બીજી તરફ વાહન ચોરીના વધુ બે બનાવ બન્યા હતાં. જેમાં સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી છકડો રિક્ષા ચોરાઇ ગઇ છે અને અન્ય બનાવમાં જેકે પાર્કમાંથી મોટરસાઇકલ ચોરાઇ ગયું હતું. છકડો રિક્ષાની ચોરીના બનાવમાં પ્રદ્યુમનનગર પોલીસે ગ્રીનલેન્ડ ચોકડી પાસે શીવનગર-૩માં બજરંગ ડેરી સામે રહેતાં હસુભાઇ નરસીભાઇ સોલંકી નામના પચાસ વર્ષના પ્રૌઢની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે.

વિગતો અનુસાર હસુભાઇ છકડો રિક્ષાના ફેરા કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું છે કે ચૌદમી નવેમ્બરના રોજ મારો દિકરો સાગર તેના પુત્ર રૂદ્રને તાવ આવતો હોઇ અને મારા મોટા દિકરા અજયને પેટમાં દુઃખતું હોઇ બંનેને લઇને સાગર મારી છકડો રિક્ષા જીજે૧૪ટી-૫૯૧૦માં બેસાડીને સિવિલ હોસ્પિટલે સારવાર માટે લઇ ગયો હતો. અહિ તેણે ઇમર્જન્સી વોર્ડ સામે પાર્કિંગમાં રિક્ષા રાખી હતી. સારવાર કરાવ્યા બાદ તે પરત આવ્યો ત્યારે રૂા. પચાસ હજારની કિમતની આ રિક્ષા ત્યાં જોવા મળી નહોતી.

શોધખોળ બાદ અમે પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં હસુભાઇએ કહેતાં હેડકોન્સ. એમ. સી. જાડેજાએગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવમાં કોઠારીયા રોડ જેકે પાર્ક-૩ શેરી નં. ૪માં રહેતાં પાંત્રીસ વર્ષના નાગેન્દ્રભાઇ સુદામાભાઇ પંડીતનું હોન્ડા જીજે૦૩એનએલ-૯૪૭૬ રૂા. ૫૦ હજારનું કોઇ તેના ઘર પાસેથી કોઇ ચોરી જતાં શોધખોળ બાદ ભક્તિનગર પોલીસને જાણ કરતાં એએસઆઇ એચ. વી. મારવાણીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# પ્રેમીના ત્રાસથી પરિણીતા મરવા મજબૂર

## બીજી ઘટનામાં પ્રેમી પાસેથી યુવતિને પરિવારજનો પરત લઈ આવતાં ઝેર પી જીવ દીધો

## હૃદય ધબકારા ચુકતાં યુવાન અને મહિલાના મોતઃ એક પ્રૌઢને નડી ગઇ પાણીની ઘાત

રાજકોટ, તા. ૧૯

લગ્નેત્તર સંબંધોના પરિણામો ઘાતક આવતા હોય છે. આવી જ રાજકોટની એક ઘટના તાજી છે જેમાં પતિએ બેવફાઇનો આરોપ મુકી પત્નિને પતાવી દઇ પોતે પણ ગોળી ખાઇ આપઘાત કર્યો હતો. દરમિયાન એક કિસ્સામાં યુવતિ પરણી ગયા પછી પણ તેનો પુર્વ પ્રેમી ફોટાને આધારે બ્લેકમેઇલ કરી ધરાર પ્રેમસંબંધ રાખવા દબાણ કરતો હોઇ તેણીએ આપઘાતનું પગલુ ભરવા મજબુર થવું પડ્યું છે. આપઘાત કર્યા પહેલા આ પરિણીતાએ પુર્વ પ્રેમીને ફાંસીના ફંદાનો ફોટો મોકલ્યો હતો. પોલીસે ધરાર પ્રેમી સામે એફઆઇઆર દાખલ કરી કાર્યવાહી કરી છે. અપમૃત્યુની બીજી એક આવી ઘટનામાં પ્રેમી સાથે ભાગેલી યુવતિને પરિવારજનો પરાણે પરત ઘરે લઇ આવતાં તેણે આપઘાત કરી લીધો હતો. પાંચમી ઘટનામાં પ્રૌઢનું ન્હાતી વખતે નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થઇ ગયું હતું.

વિગતો પર નજર કરીએ તો લગ્ન પહેલા કે લગ્ન બાદના પ્રેમ સંબંધો હવે ઘાતક બની રહ્યા હોઈ આ બાબતે યુવા વર્ગે વહેલાસર ચેતવાની અને લગ્નેત્તર પ્રેમ સંબંધોથી બચવાની જરૂરત છે. ભુજમાં એકવીસ વર્ષીય યુવતીના ગળે ફાંસો ખાઈ જીવ આપી દીધો છે. આ બનાવમાં યુવતીના પરિવારે તેણીના પુર્વ પ્રેમી સામે મોબાઈલના પુરાવાના આધારે ગુનો નોંધાવ્યો છે. આરોપી સમીર જુનસ પઢિયાર દ્વારા યુવતિ પરણી ગયા પછી પણ પોતાની સાથે પરાણે પ્રેમ સંબંધ રાખવા દબાણ કરવામાં આવતું હતું. જુના ફોટા વાયરલ કરવાની ધમકી આપી સબંધ રાખવા



મજબૂર કરતો હતો. આ બાબતે યુવતીના મોબાઈલના આધારે આરોપી પુર્વ પ્રેમી સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. ગળે ફાંસો ખાતા પહેલા પરણીતાએ પુર્વ પ્રેમી એવા આરોપીને મોબાઈલમાં ફંદાનો ફોટો મોકલ્યો હતો. આ પુરાવા પોલીસને મળતા આરોપી પુર્વ પ્રેમી સામે દૂષ્પ્રેરણાનો ગુનો નોંધી ઝડપી લેવા તજવીજ થઇ રહી છે.

**પરણી ગયા પછી પણ પીછો છોડતો નહોતો, ફોટા વાયરલ કરવાની ધમકી દેતો'તો**

પ્રેમ પ્રકરણમાં આપઘાતની અન્ય ઘટના જોઇએ તો ટંકારાના મિંતાણા ગામે રહેતી તેજલ શીવાભાઇ સાડમીયા નામની સત્તર વર્ષની યુવતિ અગીયારેક દિવસ પહેલા ઉંદર મારવાની દવા પી જતાં મોરબી ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ ગત સાંજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આત્મહત્યા કરનાર તેજલ પાંચ બહેન અને એક ભાઇમાં મોટી હતી. તે ભાઇ બહેનો સાથે છુટક ખેત મજૂરી કરતી હતી. તેના પિતા હયાત નથી. ભાઇ પ્રકાશ સાડમીયાએ કહ્યું હતું કે મારી બહેનની સગાઇ મામાના દિકરા સાથે કરવામાં આવી હતી અને થોડા મહિના પછી લગ્ન કરવાના હતાં.

જો કે મારી આ બહેનને થોડા દિવસો પહેલા આંટાળા ગામનો શખ્સ ભગાડી ગયો હતો. જેની અમને જાણ થતાં અમે ત્યાંથી તેણીને પાછી તેડી લાવ્યા હતાં. આ વાત તેને ગમી નહોતી. આ કારણે તે દુઃખી રહેતી હતી અને ઉંદર મારવાની દવા પી લીધી હતી. સારવાર દરમિયાન તેણીનું મોત થયું હતું. આમ પ્રેમીના વિયોગમાં તેણીએ મોતનો રસ્તો અપનાવી લીધો હતો.

અપમૃત્યુના અન્ય બનાવોમાં વધુ બે લોકોમાટે દિલની દગાખોરી જીવલેણ નીવડી હતી. હૃદય રોગના હુમલાની બે અલગ અલગ ઘટનામાં વધુ બે લોકોના મૃત્યુ થયા છે. જેમાં સાડત્રીસ વર્ષના યુવાન અને ઓગણપચાસ વર્ષના મહિલાનો સમાવેશ થાય છે. ગંજીવાડા શેરી નં. ૪૩માં રહેતો વિજયભાઇ ધરમદાસ દેસાણી નામનો સાડત્રીસ વર્ષનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર વિજયભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવતો હતો.

તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતો. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. અન્ય આવી ઘટના પર નજર કરીએ તો કોઠારીયા રોડ મેહુલનગર-૫ કસ્તુરી એપાર્ટમેન્ટ-૩૦૨માં રહેતાં ઓગણપચાસ વર્ષના નયનાબેન ઘનશ્યામભાઇ ફીચડીયાને સાંજે છાતીમાં દુઃખાવો થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પતિ સોની કામ કરી ગુજરાન ચલાવે છે. હાર્ટએટેક આવી ગયાનું સ્વજને જણાવ્યું હતું. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા અને ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

પાચમા બનાવમાં પાણીની ઘાત એક પ્રૌઢ માટે જીવલેણ સાબીત થઇ હતી. નદીમાં ન્હાવા પડેલા સોંદરડાના વૃધ્ધનું મૃત્યુ થતાં પોલીસે આગળની કાર્યવાહી કરી હતી. કેશોદ તાલુકાના સોંદરડા ગામના મસરીભાઇ રાજાભાઇ સગારકા નામના સતાવન વર્ષના પ્રૌઢ ગામની નોરી નદીમાં ન્હાવા ગયા હતા ત્યારે નદીના ઉંડા પાણીમાં ડુબી જતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા પોલીસે દોડી જઈને વૃદ્ધના મૃતદેહને નદીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી. આમ અપમૃત્યુની વધુ પાંચ ઘટનાઓ સ્વજનોને કારમો આઘાત આપી ગઇ હતી.

### લેભાગુઓની જાળમાં એક સગીરા અને એક પરિણીતા ફસાઇ ગઇ

# બે હવસખોરોએ દેહ પીંખ્યો ને માથેથી રૂપિયા પણ પડાવ્યા

## સગીરા સાથે બળજબરી કરી ફોટા પાડી વાયરલ કરવાની ધમકી દઈ નાણા પડાવી વધુ બે લાખ માંગ્યાઃ પરિણીતા પર પતિના સાથી કર્મીએ મોં કાળુ કરી માથેથી રૂપિયા પડાવ્યા : બંનેને ઝડપી લેવા પોલીસની કાર્યવાહી

રાજકોટ, તા. ૧૯

લેભાગુઓ સતત સગીરાઓ, યુવતિઓ અને પરિણીતાઓને ફસાવીને શોષણ કરતાં હોય છે. શારીરિક ઉપરાંત આર્થિક શોષણ પણ કરવામાં આવતું હોય છે. આવી વધુ બે ઘટના સામે આવી છે. જેમાં એક ઘટનામાં સગીરા સાથે દૂષ્કર્મ આચરી ફોટા વાયરલ કરવાની ધમકી આપી રૂીપયા પડાવાયા હતાં. અમુક રકમ પડાવ્યા બાદ વધુ બે લાખ જેવી રકમ માંગવામાં આવી હતી. અંતે પોલીસને જાણ કરાઇ હતી. બીજી ઘટનામાં પરિણીતા પર પતિની હોસ્પિટલમાં કામ કરતાં સાથી કર્મચારીએ બળાત્કાર ગુજારી લીધો હતો. આ ઉપરાંત રૂપિયા પણ પડાવ્યા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો નખત્રાણા વિસ્તારમાં રહેતી સત્તર વર્ષીય સગીરા સાથે ઇન્સ્ટાગ્રામથી મિત્રતા કેળવ્યા બાદ સુરેન્દ્રનગરના શખ્સે મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યો હતો જે બાદ આરોપીએ પોતાની સાથે લગ્ન કરવા માટે દબાણ કરી રૂપિયા ચાર હજાર પડાવી લીધા હતા અને સગીરાના ફોટો વાયરલ કરવાની ધમકી આપી વધુ રૂપિયા ૧.૯૮ લાખની માંગણી કરી હોવાની ફરિયાદ નોધાતાં તપાસ શરૂ થઇ છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ ભોગ બનનાર સગીરાના પિતાએ નખત્રાણા પોલીસ મથકે સુરેન્દ્રનગરના મોરજીધર ગામના આરોપી દીપ વાડીલાલ સોલંકી વિરુદ્ધ ગુનો નોધાવ્યો છે .ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપીએ બે વર્ષ અગાઉ ઇન્સ્ટાગ્રામ પર રીક્વેસ્ટ મોકલી ફરિયાદીની સગીરવયની દીકરી સાથે મિત્રતા કેળવી હતી.

આ પછી વાતચીત કરી લગ્ન કરવાનું કહી પ્રેમજાળમાં ફસાવી હતી. આ દરમિયાન આરોપીએ નખત્રાણા વિસ્તારમાં આવી ફરિયાદીની દીકરી સાથે મરજી વિરુદ્ધ વારંવાર શરીર સબંધ બાંધ્યો હતો. આરોપીએ ફરિયાદીની દીકરીના લગ્ન પોતાની સાથે કરાવી આપવા પડશે તેવું કહી સગીરાના પોતાની સાથે પાળેલા ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેવાની અને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ આરોપીએ



ફરિયાદીના દીકરા સાથે પણ ધાક ધમકી કરી હતી અને સગીરા પાસેથી રૂપિયા ચારહજાર પડાવી લીધા હતા.આરોપીએ વધુ રૂપિયા પડાવવા ફરિયાદીના ભાણેજને સગીરાના બીભત્સ ફોટા મોકલાવ્યા હતા.

આ ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેવાનું કહી રૂપિયા એક લાખ અઠાણુ હજારની માંગણી કરી હતી. સમગ્ર મામલે નખત્રાણા પોલીસ મથકના પીઆઈ એ.એમ.મકવાણા સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, આરોપીએ સુરેન્દ્રનગરથી આવી અવાવરૂ જગ્યા પર સગીરા સાથે દુષ્કર્મ આચર્યો હતો.જે મામલે ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બીજી ઘટના જોઇએ તો અમરેલીમાં એક પરિણીતાનો પતિ અહીંની ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતો હોય આ હોસ્પિટલના એક અન્ય કર્મચારીએ તારા પતિને શાંતિથી નોકરી કરવા નહીં દઉં તેમ કહી બળજબરી આચરી તેના પર દુષ્કર્મ ગુજારી રૂપિયા સાડત્રીસ હજારની રકમ પડાવી લેતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. બનાવ અંગે બાવીસ વર્ષીય પરિણીતાએ અમરેલી તાલુકાના લાલાવદર ગામે રહેતા અને અહીંની એક ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતા દેવરાજ ભવાનભાઈ માધડ નામના શખ્સ સામે સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણે જણાવ્યું છે કે તેનો પતિ આ હોસ્પિટલમાં નોકરી કરે છે અને દેવરાજ માધડ પણ તે જ હોસ્પિટલમાં નોકરી કરે છે.

આ શખ્સે તારા પતિને શાંતિથી નોકરી કરવા નહીં દઉં તેમ કહી તેની પાસેથી પરાણે મોબાઈલ નંબર માંગ્યો હતો. તેના પતિને હેરાન કરવાની ધમકી આપી આ શખ્સ વારંવાર તેની સાથે ફોન પર વાત કરતો હતો. વળી તેના પતિએ હોસ્પિટલમાંથી ઉપાડ લીધો હોય તે વાત દેવરાજ માધડ જાણતો હોય આ મુદ્દે તે તેના ઘરમાં ઘૂસી ગયો હતો અને બળજબરી આચરી તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આ શખસે સૌપ્રથમ તેના પતિએ કરેલા ઉપાડના પૈસા માંગ્યા હતા જે ન આપતા તેણે પરિણીતા પર દુષ્કર્મ કર્યું હતું અને બાદમાં તેની પાસેથી ઉપાડ પેટે મળેલા રૂપિયા સાડત્રીસ બળજબરીથી કઢાવી પણ લીધા હતા. બનાવ અંગે મહિલાના પતિને જાણ થતા આખરે બંનેએ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે સીટી પીએસઆઇ કે. એમ. મકવાણા તપાસ ચલાવી રહ્યા છે. આમ બંને કિસ્સામાં હવસખોરોએ દેહ પીંખ્યા હતાં અને માથેથી રૂપિયા પણ પડાવ્યા હતાં.

લાલચની જાળ લઇ ડુબી : વધુ એક મસમોટી છેતરપીંડી સામે આવી

# સસ્તામાં સોનુ લેવા જતાં વેપારીને ૪૩ લાખનો ચૂનો

## શરૂઆતમાં છુટક છુટક ગોલ્ડ કોઇન સસ્તામાં આપ્યા પછી રોકડા પડાવી લઇ મારી દીધો ધૂંબો

રાજકોટ, તા. ૧૯
લાલચનું ગાજર લેવા જતાં અનેક લોકો લાખો કરોડો ગુમાવી ચુક્યા છે. સસ્તા સોનાના નામે ઠગાઇની સતત ત્રીજી ઘટના સામે આવી છે. અગાઉ બે ઘટનામાં ખોદકામ વખતે સોના ચાંદીના દાગીનાના ઘડા મળ્યા છે તેવું કહી ચાની કીટલીવાળાને અને રિક્ષાવાળાને ગઠીયા અસલી દાગીના નમુના રૂપે દેખાડી બાદમાં લાખો રૂપિયા પડાવી નકલી સોનુ ભાગી ગયા હતાં. ત્યાં હવે સસ્તામાં સોનાના નામે તેતાલીસ લાખ છેતાલીસ લાખ પડાવી લીધા છે. યુવાને રોકડા એડવાન્સમાં લઇ લીધા હતાં. પણ સોનુ આપ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના હરણી વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવક તથા તેના મિત્ર તેમજ સગા સંબંધીઓને સસ્તામાં ગોલ્ડ અપાવવાનું કહીને ઠગે રૂપિયા ૪૩.૪૬ લાખ પડાવી લીધા હતા. પરંતુ આ ઠગે કોઈ ગોલ્ડ અપાવ્યુ ન હતું. જેથી યુવકે ચૂકવેલા રૂપિયા પરત માંગતા માત્ર રૂ.૧૨ લાખ જ પરત કર્યા છે, જ્યારે બાકીના ૩૧.૪૬ લાખ આજ દિન સુધી આપ્યા નથી કે ગોલ્ડ પણ નહીં અપાવતા યુવકે તેના વિરૂધ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના હરણી વિસ્તારમાં સત્યમ નિર્વાણા સોસાયટીમાં રહેતા શિવમ રાજેન્દ્ર ટોકરકર આર્ચર ટ્રાન્સનેશનલ સીસ્ટમ પ્રા.લિ. એલેમ્બીક બિઝનેશ પાર્ક, સાઉથ વેસ્ટ ગોરવા ખાતે ઓપરેશન વિભાગમાં છેલ્લા પાંચેક વર્ષથી નોકરી કરે છે.

વધુ માહિતી મુજબ તેમની ઓફીસમા જીતેન્દ્રસિંહ માનકસિંહ રાજપુરોહિત મુળ મુબઇનો છે અને હાલ વડોદરા રહે છે તે ટીમ લીડર હતા. જેથી છેલ્લા બે વર્ષથી ઓળખતા હોય એક વર્ષ પહેલા ઓફીસ ખાતે મળ્યા હતા ત્યારે કોઈ ચીજવસ્તુ જેવી કે એસી, ટીવી, મોબાઇલ, લેપટોપ, ગોલ્ડ તથા અન્ય હોમ અપ્લાયાન્સ જેવી વસ્તુ ખરીદવી હોય તો માર્કેટ ભાવ કરતા સસ્તી કિંમતમાં અપાવીશ. અને રૂપિયા આપ્યાના દસથી પંદર દીવસમાં તમને આ ચીજવસ્તુ મળશે તેવી વાત જીતેન્દ્રસિંહ રાજપુરોહિત કરતા તેમના પર વિશ્વાસ આવી ગયો હતો. તેમને યુવક તથા મિત્રો તેમજ સગાઓના ઘણા બધાં ઓર્ડર આપ્યા હતા. જે ચિજવસ્તુ ખરીદવાની હોય તેના પૈસા યુવક એડવાન્સમા કેસ અથવા તેમના બેંકમાં ટ્રાન્સફર કરી આપતો હતો.




શરૂઆતમાં ચીજવસ્તુ જીતેન્દ્રસિંહ રાજપુરોહિત દસથી પંદર દીવસમા આપતો હતો અને જો ઓર્ડર મુજબની ચીજવસ્તુ ન મળે તો તેને આપેલ મુળ કિંમત જેટલી રકમ જે તે ઓર્ડર આપનાર વ્યક્તિના ખાતામાં પરત આપી જીતેન્દ્રસિંય રાજપુરોહિતે બધાને વિશ્વાસમાં લીધા હતા. જીતેન્દ્રસિંહ રાજપુરોહિતે તેમને અમારી ઓફીસે ગોલ્ડ સોનુ ખરીદવાની સ્કિમની વાત કરી હતી. જેમાં જેટલું સોનુ જોઈતું હોય તેના પૈસા તેને એડવાન્સમાં આપવાનું જણાવતા યુવકે પોતે અને તેના મિત્ર સર્કલના મળી આશરે વીસ તોલા સોનુ ખરીદવાનો ઓર્ડર આપ્યો હતો અને જીતેન્દ્રસિંહને યુવકે છુટક છૂટક ઓફીસે અને તેઓના ઘરે જઈ રોકડા રૂપીયા ઓનલાઇન ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તેમને ગણદેવીકર જવેલર્સ રાવપુરા ખાતેથી તથા વલસાડ ખાતે આવેલી રજવાડી જવેલર્સની દુકાનેથી છુટક છુટક મળી આશરે વીસ તોલા સોનાના કોઇનની ખરીદી કરી હતી.

આ રીતે જીતેન્દ્રસિંહે તમામ લોકોને વિશ્વાસમાં લઈ માર્કેટ ભાવ કરતા સસ્તા ભાવે સોનુ ખરીદી કરી અપાવવા કહ્યું હતું. જેથી તેઓને ૨૧ માર્ચના રોજ રૂપીયા ૬.૪૬ લાખ ગોલ્ડ ખરીદવા માટે આપ્યા હતા. જેમાથી રૂપીયા ૩.૨૩ લાખ અને બીજા ૩.૨૩ લાખ ઓનલાઇન જીતેન્દ્રસિંધ રાજપુરોહીતના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ફરીથી રૂપીયા ૨.૦૮ લાખ રાજપુરોહિતને ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા તથા રૂપીયા ૨.૮૦ લાખ અલ્કાપુરી ખાતે રોકડા આપ્યા હતા. ત્યારબાદ જીતેન્દ્રસિંહ રાજપુરોહિત યુવક ગોલ્ડ ખરીદવાનો મોટો ઓર્ડર આપવા કહેતા યુવકે મિત્ર પરીક્ષિતભાઇ દેસાઈ સાથે ફોન ઉપર વાત કરતા તેમણે રૂપિયા ૩૩.૫૦ લાખનું આંગડીયુ કર્યુ હતું. જેથી યુવકે આંગડીયા પેઢીથી જીતેન્દ્રસિંહને ૩૨.૧૨ લાખ રોકડા રૂપીયા આપી ૫૨ તોલા સોનુ ખરીદવા માટે આપ્યા હતા.

ત્યારે જીતેન્દ્રસિંહ રાજપુરોહિતે પચ્ચીસ દિવસમાં ૫૨ તોલા ગોલ્ડ આપશે તેવી ખાતરી આપી હતી. આ બાબતે યુવક અને જીતેન્દ્રસિંહ બન્ને વચ્ચે થયેલા કરાર મુજબ યુવકે કુલ રૂપીયા ૪૩.૪૬ લાખ જીતેન્દ્રસિંહ રાજપુરોહિતને આપતા તેને પચ્ચીસ દીવસમાં ગોલ્ડ ખરીદીને આપવાનુ હતુ. પરંતુ જીતેન્દ્રસિંહ રાજપુરોહિતે કોઈ સોનું અપાવ્યું ન હતું. જેથી યુવકે તેની પાસે રૂપિયા પરત માંગતા ટુકડે ટુકડે માત્ર ૧૨ લાખ રૂપિયા જ પરત કર્યા હતા, જ્યારે બાકીના રૂપીયા ૩૧.૪૬ લાખ પરત માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જે રકમ આજદીન સુધી પરત આપી નથી અને ગોલ્ડ નહીં અપાવી છેતરપીંડી કરી છે. જેથી ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકે ફરિયાદ નોંધાવતા સયાજીગંજ પોલીસે ઠગ જીતેન્દ્રસિંહ રાજપુરોહિત વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે. આમ સસ્તામાં સોનાના નામે વધુ એક ઠગાઇ થઇ ગઇ હતી.

શહેરમાં કોણ ક્યારે શું કામ તપી જાય તે કહેવું મુશ્કેલ : વધુ એક બટાઝટી

# ભગવતીપરામાં ટોળકીનો આતંક : યુવાન પર હિચકારો હુમલો

## રિક્ષામાં પણ ધોકા-પાઇપ ફટકારી તોડફોડ : સિકંદર અને ગૌરવ ઉર્ફ ગવલાને ચાલતી માથાકુટ કારણભુ
## સિકંદરના મિત્ર સમીરને ગવલો, જાવલો સહિતે બેફામ ફટકાર્યોઃ ટોળકીને શોધવા પોલીસની ટીમો કામે લાગી

રાજકોટ, તા. ૧૯
શાંત શહેર રાજકોટમાં ગમે ત્યારે શહેરના ભગવતીપરા વિસ્તારમાં આજે બપોરે જૂના મનદુઃખની દાઝ રાખી છથી સાત શખ્સોના ટોળાએ બે મિત્રોની રિક્ષાને આંતરીને ભયાનક હુમલો કર્યો હતો. ધોકા અને પાઇપના ઘા ઝીંકી એક યુવાનના બંને પગ ભાંગી નાખવામાં આવ્યા હતા, તેમજ રિક્ષામાં પણ તોડફોડ કરવામાં આવી હતી. ઇજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યારે પોલીસે ઘટના સ્થળે અને હોસ્પિટલે પહોંચી તપાસ શરૂ કરી હતી. બી-ડિવીઝન, એલસીબી, ડીસીબી, એસઓજીની ટીમો પણ ભગવતીપરામાં દોડીગઇ હતી.

બટાઝટીની ઘટનાની વિગતો પર નજર કરીએ તો ભગવતીપરા હુશેનીયા મસ્જીદ પાસે રહેતા સમીર અયુબભાઈ સોરા નામનો ત્રીસ વર્ષનો યુવાન બપોરે આશરે બારેક વાગ્યાના સુમારે તેના મિત્ર સિકંદર હારૂનભાઇ રાઉમાની રિક્ષામાં બેસી ચા પીને પરત ફરી રહ્યા હતા. તેઓ આઝમ ચોક નજીક પહોંચ્યા ત્યારે જાહીદ ઉર્ફ જાવલો યુસુફભાઈ, ગૌરાંગ ઉર્ફ ગવલો બવાજી અને મંડપ સર્વિસવાળાના ત્રણ છોકરા સહિતના છએક શખ્સોના ટોળાએ તેમને આંતરી લીધા હતા. હુમલાખોરોએ કોઈ પણ વાતચીત વિના ધોકા અને પાઇપ વડે સમીર પર હુમલો કરી દીધો હતો. આ હુમલામાં સમીરના બંને પગમાં ગંભીર ઈજાઓ થવા ઉપરાંત માથા અને શરીરે પણ માર પડ્યો હતો. હુમલાખોરોએ સિકંદરની રિક્ષામાં પણ તોડફોડ કરી હતી.

લોકોના ટોળા ભેગા થતાં હુમલાખોરો ભાગી છૂટ્યા હતા. ઇજાગ્રસ્ત સમીર સોરાએ









હોસ્પિટલે પોલીસ સમક્ષ નિવેદન આપ્યું હતું કે, ઁહું ટ્રકમાં ક્લીનર તરીકે કામ કરું છું. મારા મિત્ર સિકંદર રાઉમાના ભાઈને વર્ષો પહેલા ગૌરાંગ ઉર્ફ ગવલાના પિતા સાથે ગાળાગાળી મામલે માથાકૂટ થઇ હતી, જેની ફરિયાદ પણ થઈ હતી. ત્યારથી ગવલો અને તેનો મિત્ર જાવલો સહિતના સિકંદર સાથે વારંવાર માથાકૂટ કરતા રહે છે. આજે હું સિકંદરની સાથે હતો, તેથી મને તું કેમ આના ભેગો રખડે છે? તેમ કહીને ધોકા પાઇપના ઘા ફટકાર્યા હતા. હુમલાના પગલે સમીરના પરિવારજનોએ તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. હોસ્પિટલ ચોકી દ્વારા જાણ થતાં બી-ડિવીઝન પીઆઈ એસ.એસ. રાણે, ડી. સ્ટાફની ટીમ, એલસીબી અને ડીસીબીનો કાફલો ઘટના સ્થળે અને હોસ્પિટલે દોડી ગયો હતો. એસઓજી, ડીસીબી, એલસીબીની ટીમો પણ પહોંચી હતી. અલગ અલગ ટીમો બનાવી પોલીસે આરોપીઓને શોધી કાઢવા તજવીજ કરી હતી.

આ ઘટના બારામાં ઈજાગ્રસ્ત સમીર સોરાની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી હતી. સગા-સંબંધીઓએ આક્ષેપ કર્યો છે કે ગૌરાંગ ઉર્ફ ગવલો અને જાહીદ ઉર્ફ જાવલો સહિતના શખ્સોનો વિસ્તારમાં લાંબા સમયથી ત્રાસ છે અને તેઓ અવારનવાર માથાકૂટ કરતા રહે છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે. શહેરમાં છાસવારે કોઇને કોઇ વિસ્તારમાં આ પ્રકારે ટોળકીઓ ગુનાખોરી આચરે છે અને કાયદાની ઐસીતૈસી કરે છે. પોલીસ આવા તત્વોને ભોંભીતર કરવા આકરી કાર્યવાહી કરતી હોય છે છતાં આવા તત્વો ગમે ત્યારે ખેલ કરી કાયદાની ઐસીતૈસી કરે છે. આ વધુ એક ઘટના તેનો પુરાવો છે.

ચૂંટણી લડતી વખતે પાંચ વર્ષ પહેલા પરિચય થયો પછી ગાઢ મિત્રતા બંધાઇ

# મહિલા કાર્યકરનું બ્લેકમેઈલીંગઃ પચ્ચીસ લાખની ખંડણી માંગી

## અઠાવન વર્ષના ધનસુખભાઇએ કટકે કટકે ઘણી રકમ દીધીઃ મહિલા કાર્યકરે સાત લાખ માંગતા ના પાડતાં વાત વણસીઃ સામ-સામે દાખલ થઇ એફઆઈઆર

રાજકોટ, તા. ૧૯
દોસ્તીમાં દગાખોરીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક રાજકીય પક્ષની મહિલા કાર્યકરે છ વર્ષની મિત્રતા બાદ પોતાની સાથે છેડતી થઇ છે તેમ કહી પચ્ચીસ લાખની ખંડણી માંગતા એફઆઇઆર દાખલ થઇ છે. આમ આદમી પાર્ટીની આ મહિલા કાર્યકરની સાથે સાથે તેના દિકરા સહિતના પણ આરોપી તરીકે નામ છે. ખંડણી માંગણી કરનારી આ કાર્યકર સહિતનાને ઝડપી લેવા પોલીસની ટીમો કામે લાગી છે.

વિગતો પર નજર કરીએ તો ઘટના સુરતની છે. છ વર્ષની મિત્રતા બાદ છેડતીની ફરિયાદ કરવાની ધમકી આપીને પચ્ચીસ લાખ રૂપિયાની માંગણી કરનાર આમ આદમી પાર્ટીની મહિલા કાર્યકર અને તેના દિકરા સહિત ત્રણ સામે કાપોદ્રા પોલીસમાં ખંડણીની ફરિયાદ નોંધાઇ છે. જ્યારે મહિલાએ સામી છેડતીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સુત્રોએ વિગતો આપતા કહ્યું કે હીરાબાગ વિઠ્ઠલનગર સોસાયટીમાં રહેતા ધનસુખભાઇ મોહનભા ગુજરાતી જે અઠાવન વર્ષના છે અને હાલ નિવૃત જીવન ગાળે છે. પાંચેક વર્ષ પહેલા જ્યારે આપમાંથી એક મહિલા ચૂંટણી લડી હતી. ત્યારે ધનસુખભાઇને તેમની સાથે પરિચય થયો હતો. બાદમાં ગાઢ મિત્રતા બંધાઇ હતી.

આ પછી બંને એક બીજાના ઘરે જતા હતા અને ફરવા પણ જતા હતા. છ વર્ષ સુધી તેમની આ દોસ્તી ચાલી હતી. દરમિયાનમાં આ મહિલા જરૂર હોય ત્યારે ઘનશ્યામભાઇ પાસેથી પૈસા લેતી હતી. બાદમાં ઘનશ્યામભાઇએ પૈસા આપવાનો ઇન્કાર કરતા તેમની વચ્ચે સબંધ ઓછા



પ્રિન્ટીંગ પ્રેસનો કર્મચારી કટકે કટકે કરીને સવા પાંચ લાખ ખાઇ ગયો

થઇ ગયા હતા. દરમિયાન તાજેતરમાં મહિલાએ ઘનશ્યામભાઇને ફોન કરીને કાપોદ્રા પાસે બોલાવ્યા હતા. ત્યાં જતા મહિલા તેમની કારમાં બેસી ગઇ હતી કાર મંદિર પાસે પાર્ક કરીને વાત કરતા હતા ત્યારે મહિલાએ તેમની પાસે રૂપિયા સાત લાખની માંગણી કરી હતી અને પૈસા નહીં આપે તો છેડતીની ફરિયાદ કરવાની ધમકી આપી હતી.

આટલુ જ નહિ મહિલાએ પોતે ઝેર પીધાનું અને દિકરાને લોકેશન મોકલી આપ્યું હોવાનું કહ્યું હતું. દરમિયાનમાં મહિલાનો દિકરો તેના મિત્ર સાથે ત્યાં પહોંચી ગયો હતો અને તેણીને સાથે સમાધાન કરવાના નામે પચ્ચીસ લાખ માંગ્યા હતાં. આખરે ઘનશ્યામભાઇએ કાપોદ્રામાં મહિલા તેના દિકરા તથા મિત્ર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બીજી તરફ આ ઘટનામાં મહિલાએ ઘનશ્યામભાઇ સામે ફરિયાદ નોંધાવી છે કે તેઓ ઘનશ્યામભાઇ સાથે કારમાં ભાડાનું મકાન જોવા જતા હતા ત્યારે તેમને પાણીની તરસ લાગતા કાર રોકવાનું કહ્યું હતું. ત્યારે ઘનશ્યામભાઇએ તેમને પોતાની પાસેની જ્યુસની બોટલ આપી હતી. બાદમાં મારી પત્નિને કમરમાં દુઃખાવો હોઇ તે મારી જરૂરીયાત પુરી કરી શકતી નથી તમે મને બહુ ગમો છો એમ કહીને છેડતી કરી હતી. પોલીસે હવે આ બંને મામલે તપાસ આરંભી છે. આ ઘટનાને રાજકીયી વર્તુળોમાં પણ ચકચાર જગાવી દીધી છે.

બીજી ઘટનામા પ્રિન્ટીંગ પ્રેસનો કર્મચારી સવા પાંચ લાખ ખાઇ ગયો હતો. અમરેલીમાં મોટા બસ સ્ટેન્ડ સામે વ્હાઈટ હાઉસમાં સર્જક સ્કીન આર્ટ નામના પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતા યુવકે પ્રેસ માલિક સાથે રૂપિયા ૫.૨૧ લાખની છેતરપીંડી આચરી હોવાની સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. અમરેલીના ચક્કરગઢ રોડ પર રોકડીયાપરામાં રહેતા અડતાલીસ વર્ષના ઘનશ્યામભાઈ મગનભાઈ હીરપરાએ સર્જક સ્કીન આર્ટમાં કામ કરતા ચીરાગ રાજેશભાઈ વીરડીયા સામે સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની ઓફિસે સરંભડાના ચિરાગ વીરડીયાને કોમ્પ્યુટર વર્ક માટે રાખ્યો હતો. ઓફિસના નાના-મોટા પેમેન્ટ ગુગલ પે મારફત આવતા હોય છે. આ મોબાઈલ તેની દુકાને જ રહે છે. બાદ ચિરાગ વીરડીયાએ કટકે કટકે જુદા જુદા એકાઉન્ટમાં ૫.૨૧ લાખની રકમ ટ્રાન્સફર કરી તેની સાથે છેતરપીંડી આચરી હતી. આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં વિશ્વાસઘાતનો ગુનો નોંધાતા પીએસઆઈ કે.એમ.મકવાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

મનપાની ચૂંટણી ડોકિયા કરી રહી છે ત્યારે વિપક્ષને તાકાત બતાવવાની મળી તક : મોકાનો ફાયદો ઉઠાવશે કે વધુ એક વખત થશે સૂરસૂરિયુ

# જનરલ બોર્ડ તોફાની બનશે કે ફરી નાટકવેડા?

## લાંબા સમય બાદ પ્રથમ પ્રશ્ન વિપક્ષનો : પ્રજા પ્રશ્ને વિપક્ષ કંઇ ઉકાળી શકશે કે વધુ એક વખત મિલભગતનું નાટક : અધિકારીઓ માટે ખરી કસોટીના એંધાણ

રાજકોટ, તા. ૧૯

આજે રાજકોટ મહાનગરપાલિકા ની જનરલ બોર્ડ બેઠક યોજાશે અને આ બેઠક અત્યંત મહત્વની પણ પુરવાર થશે કારણકે આ બેઠકમાં સર્વ પ્રથમ પ્રશ્ન જે દર વર્ષે ભાજપના નગર સેવકોનો હોય છે તે આ વખતે કોંગ્રેસના નગરસેવકોનો છે ત્યારે પ્રશ્નોની તડાપીટ બોલશે તો નવાઈ નહીં. અંદાજો છે કે આ જનરલ બોર્ડ બેઠક અત્યંત તોફાની બની રહેશે અને સત્તાધીશોની સાથે અધિકારીઓ માટે પણ આ બેઠક કપરા ચડાણ સમાન બની રહે તો નવાઈ નહીં. વશરામ સાગઠીયાનો પ્રથમ પ્રશ્ન જે ટીપી વિભાગ થી શરૂ થાય છે ત્યારે એક કલાકમાં જનરલ બોર્ડમાં કેટલી રકઝક થશે કે પ્રશ્ન કેટલી વારમાં પૂર્ણ કરી દેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું. ખાસ વિપક્ષ કોઈ બબાલ ન કરે તે માટે વિજિલન્સ અને માર્શલ ની ટીમ ખડે પગે રહેશે.

એજન્ડા પ્રમાણે વિપક્ષ નેતા વશરામ સાગઠીયાના ત્રણ પ્રશ્નો પ્રથમ ક્રમે આવેલા છે અને આ તમામ પ્રશ્નોના જવાબ મ્યુનિસિપલ કમિશનરે આપવા પડશે. કુલ ૨૫ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે અને બીજો પ્રશ્ન ભાજપનો છે એટલે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર એવું પણ બની શકે કે ત્રણ પ્રશ્નોના જવાબ ગણતરીની મિનિટોમાં પૂર્ણ કરી દેવામાં આવે તો પણ ઉગ્ર બોલાચાલી થવાના એંધાણ જોવા મળે છે.

પરંતુ કોંગ્રેસના પ્રશ્નની ચર્ચા શરૂ થવાની હોય, ચૂંટણી પૂર્વે જે રીતનું વાતાવરણ ગાજે એવો માહોલ પણ થઈ શકે છે. વિપક્ષી નેતાએ ફલાવર બેડવાળા બિલ્ડીંગનો પ્રશ્ન પૂછયો છે. આ પ્રશ્નમાં રાજકોટમાં આર્કિટેકશન પ્રોજેક્ટ (ફલાવર બેડ)ના કારણે કમ્પ્લીસન સર્ટિફિકેટ અટકાવાયા હોય તેવા બિલ્ડીંગ પ્રોજેક્ટની કુલ સંખ્યા વોર્ડવાઇઝ, બિલ્ડીંગના નામ, આવા બાંધકામ રેગ્યુલરાઈઝ કરવાની કાર્યવાહી કરવા સરકારના હુકમ છતાં તા.૧૧-૧૧ સુધી શા માટે કામ શરૂ ન કરાયા, ટીપીમાં શું વ્યવસ્થા છે તેની વિગત માંગી છે.




શહેરની હદમાં નવા ગામો ભળ્યા બાદ નવી હદ, તેના સાઇન બોર્ડ મુકવા પાંચ વર્ષમાં રાજકોટના કેટલા રસ્તા કયા કારણોસર કઈ કઈ એજન્સી દ્વારા ખોદકામ કરવામાં આવ્યા, મંજૂરીના નિયમ, ડિપોઝીટ, કોર્પો.ની તિજોરી ને કેટલો ખર્ચ થયો? તેની વિગતો માંગી છે.

કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન ભારાઇના બે પ્રશ્નો છેક ૧૪માં ક્રમે છે પરંતુ તેના લેખિત જવાબ ભારે આવે તેવું લાગે છે. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ પછી ગેરકાયદેસર બાંધકામ કેટલા થયા ? તેની સામે કેટલી અરજીઓ વોર્ડ વાઇઝ આવી, ૨૬૦(૧) અને ૨૬૦(૨) મુજબ કેટલી નોટિસો વોર્ડ વાઇઝ આપી અને ૨૬૦(૨) પછી કેટલા બાંધકામો ડિમોલેશન કર્યા તે વિગત માંગી છે. ઇમ્પેક્ટ યોજના ચાલુ થઈ ત્યારથી તા. ૧૧-૧૧ સુધીમાં કેટલી અરજીઓ વોર્ડ વાઇઝ આવી, તેમાંથી કેટલી મંજૂર કરી? ગેરકાયદેસર બાંધકામો થયા હોય તેમાં આર્કિટેકટની જવાબદારી શું? અને જો જવાબદારી હોય તો કેટલા આર્કિટેકટ ઉપર શું? શું? પગલા લીધા તેની તમામ વિગતો પૂછી છે. ચાલુ વર્ષ ૨૦૨૫માં વરસાદને કારણે રસ્તામાં કેટલી નુકસાની આવી, ખાડા પૂરવામાં કેટલો ખર્ચ વોર્ડવાઈઝ થયો તેની વિગતો, રાજકોટ ૧૬૭ ચો. કી. મી. ના વિસ્તારમાં ફેલાયેલું છે તેમાં કાચા રસ્તા કેટલા અને પાક્કા રસ્તા કેટલા? અને કેટલા રોડ રસ્તા બનાવવાના બાકી છે તે વોર્ડ વાઇઝ વિગતો, ચાલુ વર્ષમાં કેટલા રસ્તા બનાવવાના છે? તેનું આયોજન માંગ્યુ છે. તો ૧૫માં ક્રમે મકબુલભાઇ દાઉદાણીએ વોર્ડ નં.૧૫માં કરાયેલા કામો, આયોજન, સ્માર્ટ સીટીમાં થયેલા કામો, નવા વિસ્તારોમાં થયેલા કામો અને આયોજન અંગેની વિગત પૂછી છે.

આ બોર્ડમાં બીજા ક્રમથી ભાજપના કોર્પોરેટરોના સવાલ શરૂ થાય છે. ભાજપના સભ્યોએ ફૂડ શાખાએ ચાલુ વર્ષમાં કેટલી વખત પેકડ પાણીના સેમ્પલ લેવાયા, સેમ્પલ લેવાના નિયમો, ફૂડ લાયસન્સની પ્રક્રિયા, રાત્રી સફાઇ, સ્પીડબ્રેકર અંગેના નિયમો પૂછયા છે. તો ખુલ્લા પ્લોટ ભાડે આપવાની નીતિ, પ્રવાસીઓની મુલાકાતથી આવક, આવાસ યોજના, ડ્રેનેજ લાઇન નેટવર્ક, કોર્પો.માં રહેલા વાહનોની સંખ્યા, મેલેરીયા શાખાના કામ, ટેકસની કામગીરી, દબાણ હટાવ કામગીરી, નવી ડીઆઇ પાઇપલાઇન, આરોગ્ય કેન્દ્રોની સંખ્યા અને કામ અંગેની માહિતી માંગી છે.

રાજયના ૭૦ હજારથી વધુ ખેડૂતોને ફાયદો : ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાય મેળવવા આજ સુધીમાં ૧૦ લાખથી વધુ ખેડૂતોએ અરજી કરી

# ખેડૂતો પાસેથી ૧.૬૨ લાખ મેટ્રિક ટન મગફળી ખરીદાઈ

રાજકોટ, તા. ૧૯

કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ચાલી રહેલી ટેકાના ભાવે મહફળીની ખરીદી તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા બે કૃષિ રાહત પેકેજ સંદર્ભે ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.આ સંદર્ભે પ્રેસ-મીડિયાને માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧,૧૭૭ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૬૨ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ખરીદી કરવામાં આવી છે. સાથે જ, ખેડૂતોને મગફળી ખરીદીના ચૂકવણા પણ સીધા તેમના બેંક ખાતામાં જમા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.



નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ચાલુ વર્ષે રાજ્યના ૯.૩૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે, જે ગત વર્ષે થયેલી નોંધણીની અઢી ગણી વધારે છે. ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને લઇને મુખ્યમંત્રી ભારત સરકારને વધુ જથ્થો ખરીદી કરવા માટે કરેલી રજૂઆતને પગલે રાજ્યના ખેડૂતો પાસેથી રૂ. ૧૫,૦૦૦ કરોડની મગફળી અને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી ખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રીએ કૃષિ રાહત પેકેજ અંગે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે થયેલી પાક નુકસાનીથી ખેડૂતોને બેઠા કરવા ઐતિહાસિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સહાય મેળવવા માટે આજ સુધીમાં રાજ્યના કુલ ૧૦ લાખથી વધુ ખેડૂતોએ ટઈઓ મારફત પોર્ટલ પર ઓનલાઇન અરજીઓ કરી છે. આ ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૨૫માં વરસેલા અતિભારે વરસાદ માં સહાયરૂપ થવા રાજ્ય સરકારે પાંચ અસરગ્રસ્ત જિલ્લા માટે રૂ. ૧,૧૩૮ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ અંતર્ગત સહાય મેળવવા માટે પણ આજ સુધીમાં કુલ ૧.૨૫ લાખ જેટલા ખેડૂતોએ ટઈઓ મારફત ઓનલાઈન અરજી કરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, બંને રાહત પેકેજમાં રાજ્ય સરકારે પિયત અને બિનપિયત બંને પાકો માટે એક સમાન રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર (બે હેક્ટરની મર્યાદામાં) સહાય આપવાનો ઉદારતમ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત વાવ થરાદ અને પાટણ જિલ્લામાં જમીન સુધારણા માટે ખાસ કિસ્સામાં ખેડૂતોને રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેક્ટરની સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# રઘુવીર ઈન્ડસ્ટ્રીઝને ફાળવાયેલ જમીન શરતભંગ સબબ ખાલસા

## પ્રાંત અધિકારી મહેક જૈનનો હુકમ : ૧૯,૦૦૦ ચોરસ મીટર જગ્યા કલેકટર વિભાગે આપી હતી પરંતુ સમયાંતરે પૂર્વ મંજૂરી લીધા વગર ભાગીદારી પેઢી ઊભી કરતા જ જમીન કરાઈ ખાલસા

રાજકોટ, તા. ૧૯

રાજ્ય સરકારના આદેશ બાદ રેવન્યુ કામગીરી ઝડપભેર હાથ ધરવા અને પડતર કેસોનો નિકાલ લાવવા માટે તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે જે માહિતી મળી તે મુજબ માધાપર માં ઔદ્યોગિક હેતુ માટે રઘુવીર ઈન્ડસ્ટ્રીઝને ફાળવવામાં આવેલી કરોડો રૂપિયાની જમીનમાં સરત ભંગ થતા ખાલસા કરવાનો નિર્ણય સીપી પ્રાંત બે મહેક જૈન દ્વારા લેવામાં આવ્યો છે. ૧૯,૦૦૦ ચોરસ મીટર જગ્યામાં શરતભંગ થયો હોવાની માહિતી પ્રાંતને મળી હતી જે બાદ તપાસના આધારે અંતે આ જગ્યા ખાલસા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ માધાપર ગામના ખરાબાના સર્વે નંબર ૧૧૧ પૈકીના પ્લોટ નંબર ૧ ૨ અને ૩ એમ કુલ મળી ૧૯ ચોરસ મીટર જગ્યા રઘુવીર ઇન્ડસ્ટ્રીઝને ૧૯૭૪ ના હુકમથી ઔદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી હતી. પરંતુ ૨૦૦૪ થી અલગ અલગ વર્ષમાં કુલ આઠ વખત પૂર્વ મંજૂરી લીધા વગર ભાગીદારી પેઢીમાં ફેરફાર કરવામાં આવ્યો જેથી મૂળ હુકમની શરત ભંગ થતા આ મામલે કેસ શરૂ કરવામાં આવ્યો છે અને જગ્યા ને ખાલસા કરવાનો નિર્ણય લેવાયો છે.

જેમાં પક્ષકારોને પુરતી તક આપવામાં આવી હતી. અંતે આ પ્રકરણમાં રઘુવીર ઈન્ડસ્ટ્રીઝ નામની આ ભાગીદારી પેઢીમાં સરકારની કોઈ પૂર્વ મંજૂરી લીધા વગર ઉતરોતર ફેરફારો થયા હોવાનું ખુલતા સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા આ તમામ જમીન સરકાર દાખલ કરવા આદેશ કરવામાં આવેલ છે.

આ સરકારી જમીનની કિંમત અંદાજે રૂા.૨૦ કરોડ થતી હોવાનું કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યુ હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર તંત્ર દ્વારા વર્ષો પૂર્વે ઔદ્યોગીક અને શૈક્ષણિક હેતુ માટે સંસ્થાઓને ફાળવાયેલ જમીનમાં મૂળ હેતુ સિધ્ધ થઈ રહ્યો છે કે કેમ? તે અંગે કલેકટર તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ જમીનોની અધિકારીઓની ટીમ મોકલી તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં માધાપર



ગામના સરકારી ખરાબાના સર્વે નં.૧૧૧ પૈકીની ૧૯૭૪૫ ચો.મીટર જમીન કે જે વર્ષ ૧૯૭૪માં રઘુવીર ઈન્ડસ્ટ્રીઝને ફાળવવામાં આવેલ જેમાં પૂર્વ મંજૂરી લીધા વગર ભાગીદારી પેઢીમાં આઠ વખત ફેરફાર કરી શરતભંગ કરાતા આ જમીન ખાલસા કરવા સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈનએ આદેશ કર્યો છે.

રાજકોટ આસપાસના ગામો અને ખાસ તો રાજકોટ જિલ્લામાં ઘણી ખરી આવી જગ્યાઓ છે કે જેમાં શરતભંગ કોઈને કોઈ કારણે થયું હોય તે ઉપર હવે પ્રાંત અધિકારી દ્વારા ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને આ મામલે યોગ્ય નિર્ણય લેવા અને કાયદાકીય પગલાં લેવા માટેના આદેશો પણ કલેક્ટર તરફથી મળ્યા છે. ત્યારે હવે આગામી દિવસોમાં આ અંગે હજુ પણ અનેકવિધ નિર્ણયો લેવામાં આવે તેવું જણાઈ રહ્યું છે.

દિલ્હીમાં આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસ એલર્ટ

# ગેરેજમાં આવતા વાહનોની નોંધણી ફરજિયાત


## પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું રિપેરિંગ માટે આવતા તમામ વાહનના વિગતવાર રેકોર્ડ અને CCTV કેમેરા ફરજિયાત લગાવવા પડશે

રાજકોટ, તા.૧૯

દિલ્હીમાં આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસ એલર્ટ થઈ ગઈ છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી એસ મલિકે જાહેરનામું બહાર પાડ્યું છે. પ્રથમવાર જ બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, રિપેરિંગ માટે આવતા તમામ વાહન અને માલિકની નોંધણી ફરજીયાત કરવામાં આવી છે.

આ નોટિફિકેશન પ્રમાણે, તમામ ગેરેજ, વર્કશોપ, સર્વિસ સ્ટેશન અને વાહન-વોશિંગ સેન્ટરોને તેમના પરિસરમાં પ્રવેશતા દરેક વાહનના વિગતવાર રેકોર્ડ અને CCTV કેમેરા ફરજિયાત લગાવવા પડશે. નોટિફિકેશન મુજબ, મોટાભાગના ગેરેજ હાલમાં વાહનોનો કોઈ રેકોર્ડ રાખતા નથી. આ મોટી ભૂલને કારણે ગુનેગારો ગંભીર ગુનાઓમાં વપરાયેલા વાહનોનો દેખાવ, રંગ અથવા રજિસ્ટ્રેશન પ્લેટ બદલી શકે છે અને તેમનો કોઈ પુરાવો રહેતો નથી. જાહેરનામા મુજબ ઝડપી ઔદ્યોગિક વિકાસને કારણે અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો અમદાવાદમાં આવી રહ્યા છે. વધતી વસ્તી ગીચતા સાથે, ચોરી, લૂંટ અને સ્નેચિંગ જેવી ઘટનાઓમાં પણ વધારો જોવા મળ્યો છે. પોલીસ નોંધે છે કે આવા ઘણા ગુનાઓમાં ગુનેગાર અને અસામાજિક તત્વો દ્વારા ચોરાયેલા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરનો ઉપયોગ કરવામાં આવે છે.

જાહેરનામામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગુનો આચર્યા બાદ અપરાધીઓ વારંવાર આ વાહનોને છોડી દે છે અથવા રિપેર, મોડિફિકેશન કે નિકાલ માટે સ્થાનિક ગેરેજોમાં લઈ જાય છે. જોકે, ગેરમાર્ગે દોરવા અથવા સંડોવણીના ડરથી, ઘણા ગેરેજ માલિકો ગ્રાહકોની ઓળખ અથવા વાહનના દસ્તાવેજોનો રેકોર્ડ રાખવામાં નિષ્ફળ જાય છે, જેનાથી તપાસમાં મોડું થાય છે અને ગુનેગારો છટકી જાય છે. તમામ ગેરેજો અને સર્વિસ સ્ટેશનોને તેમના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ CCTV



કેમેરા લગાવવા જરૂરી છે, અને તેનું રેકોર્ડિંગ ઓછામાં ઓછા 30 દિવસ સુધી સાચવવું પડશે. પોલીસ દલીલ કરે છે કે આવી સર્વેલન્સ શંકાસ્પદ વાહનોની હિલચાલને ટ્રેક કરવામાં મદદ કરશે અને ગુનાહિત તપાસ દરમિયાન નિર્ણાયક પુરાવા પૂરા પાડશે. તમામ ગેરેજો અને સર્વિસ સ્ટેશનોને તેમના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ CCTV કેમેરા લગાવવા જરૂરી છે, અને તેનું રેકોર્ડિંગ ઓછામાં ઓછા 30 દિવસ સુધી સાચવવું પડશે. પોલીસ દલીલ કરે છે કે આવી સર્વેલન્સ શંકાસ્પદ વાહનોની હિલચાલને ટ્રેક કરવામાં મદદ કરશે અને ગુનાહિત તપાસ દરમિયાન નિર્ણાયક પુરાવા પૂરા પાડશે.

વાહનને મોડિફાય કરાવી દેતા હોય છે. માટે વાહનની ઓળખ બદલાઇ જાય. આવા તત્ત્વો સુધી પહોંચવા માટે જો વાહનોની પૂરતી વિગતો હોય તો પોલીસ ગુનેગારો સુધી ઝડપી પહોંચી શકે છે. માટે અમદાવાદ પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંઘ મલિકે જેવું જાહેરનામું જારી કર્યું છે કે હવેથી શહેરના તમામ ગેરેજ, ગાડીઓના વર્કશોપ કે સર્વિસ સેન્ટરમાં રિપેરિંગ કે વેચાણ માટે અથવા તો પછી મોડિફિકેશન માટે આવતા વાહનોની અને વાહન માલિકની વિગતોનું એક રજિસ્ટર બનાવી તેને મેઇન્ટેઇન કરવું.

આ રજિસ્ટરમાં (૧) વાહનનો પ્રકાર અને તેની કંપનીનું નામ, (૨) વાહનનો રજિસ્ટ્રેશન નંબર, (૩) એન્જિન નંબર, (૪) ચેસીસ નંબર, (૫) વાહન માલિકનું નામ, સરનામું અને મોબાઇલ નંબર તથા ઓળખકાર્ડની વિગતો, (૬) વાહન જે-તે ગેરેજ કે સર્વિસ સ્ટેશનમાં મૂક્યા તારીખ, (૭) વાહન ગેરેજમાંથી લઇ જવાની તારીખ, (૮)ગેરેજ સર્વિસ સ્ટેશનમાં વાહન આપનાર અને લઇ જનારનું નામ સરનામું અને વિગતોની નોંધ રાખવાની રહેશે.